અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ઓક્ટોબર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૧૦ | અંક : ૧૦૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સીએમ યોગી આદિત્યનાથની તહેવાર ટાણે ચેતવણી

# યમરાજના દર્શન કરવા હોય તો જ કોઈ દીકરીની છેડતી કરજો

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે લોકભવન સભાગારમાં ઉજ્જવલા યોજનાની પાત્ર મહિલાઓને મફત સિલિન્ડર રિફિલની ભેટ આપી હતી

। (એજન્સી) લખનૌ, તા.૧૫ ।

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે લોકભવન સભાગારમાં ઉજ્જવલા યોજનાની પાત્ર મહિલાઓને મફત સિલિન્ડર રિફિલની ભેટ આપી. આ પ્રસંગે, રિફિલની રકમ સીધી મહિલાઓના બેન્ક ખાતામાં મોકલવામાં આવી હતી. મુખ્યમંત્રીએ મંચ પર પ્રતિકાત્મક રીતે ૧૦ મહિલાઓને રિફિલની રકમ પ્રદાન કરી. આ ઉપરાંત, મુખ્યમંત્રી યોગીએ ઉજ્જવલા યોજનાની ૧.૮૬ કરોડ લાભાર્થી મહિલાઓના ખાતામાં કુલ રૂ.૧૫૦૦ કરોડની સબસિડી જમા કરાવી છે.



આ અવસરે બોલતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે ૨૦૧૪ પહેલા ગરીબ મહિલાઓ લાકડા અને કોલસા પર રસોઈ બનાવતી હતી, જેના કારણે તેમના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થતી હતી અને તેમને આજીવન સારવાર કરાવવી પડતી હતી. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા પછી ગરીબોને મફત ગેસ કનેક્શન મળ્યા, જેનાથી મહિલાઓનું જીવન વધુ સરળ બન્યું છે.

મુખ્યમંત્રી યોગીએ જણાવ્યું કે ૨૦૧૭ પહેલા યુપીમાં ફક્ત સૈફઈ પરિવારનું જ વર્ચસ્વ હતું. પરંતુ, અમારા માટે તો આખો પ્રદેશ જ એક પરિવાર સમાન છે. અગાઉ, સમાજવાદી પાર્ટી (સપા)ની સરકાર તોફાનીઓ સામે નમતી હતી અને ગુનેગારોને ટેકો આપતી હતી. જોકે, અમે દૃઢ નિશ્ચય કર્યો છે કે, હવે જો કોઈ દીકરી સાથે છેડછાડ કરશે, તો તેને આગામી ચાર રસ્તા પર જ યમરાજના દર્શન થઈ જશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, જો કોઈને યમરાજ પાસે ટિકિટ કરાવવી હોય, તો તે કોઈ દીકરી સાથે છેડછાડ કરીને જુએ, આગળના ચાર રસ્તા પર યમરાજ રાહ જોઈ રહ્યા હશે. અમે સ્પષ્ટ કર્યું છે કે દરેક દીકરી, દરેક વેપારી, દરેક ગરીબ અને દરેક દલિતની સાથે સરકાર ઊભી રહેશે અને તેમને સુરક્ષા પૂરી પાડશે. જો કોઈ વ્યક્તિ ઉત્સાહ અને ઉમંગના માહોલમાં ખલેલ પહોંચાડશે, તો તેને જેલમાં ધકેલવામાં સહેજ પણ વિલંબ નહીં થાય. આ કારણે, આજે દરેક તહેવાર આનંદપૂર્વક ઉજવવામાં આવી રહ્યો છે.

**રાજ્ય સરકારે ઉજ્જવલાના લાભાર્થીઓને દર વર્ષે બે મફત એલપીજી રિફિલ આપવાનું નક્કી કર્યું છે**

**આ રિફિલનું વિતરણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં બે તબક્કામાં કરવામાં આવશે, પ્રથમ તબક્કો ઓક્ટોબર ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધી અને બીજો તબક્કો જાન્યુઆરી ૨૦૨૬થી માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારે ? ૧૫૦૦ કરોડની રકમની જોગવાઈ કરી છે. હાલમાં, પ્રથમ તબક્કામાં આધાર પ્રમાણિત લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહ્યો છે.**

સીએમ યોગીએ અપીલ કરતા કહ્યું કે, દિવાળી નજીક આવી રહી છે, તેથી બધાએ ધ્યાન રાખીને સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ કરવો જોઈએ. જે દીવો સળગાવો તે સ્થાનિક કુંભાર દ્વારા બનાવેલો હોવો જોઈએ. મૂર્તિઓ માટે પણ સ્વદેશી મૂર્તિકારની બનાવેલી મૂર્તિઓ જ વાપરવી જોઈએ. સાથે જ, દિવાળીના શુભ અવસરે કોઈ ગરીબ વ્યક્તિને અવશ્ય મદદ કરવી જોઈએ.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની શરૂઆત મે ૨૦૧૬માં થઈ હતી. આ યોજના ખાસ કરીને ગ્રામીણ ભારતના રસોડાને ધુમાડાથી મુક્ત કરવામાં સફળ રહી છે. તદુપરાંત, તે મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય પર થતા દુષ્પ્રભાવોને ઘટાડવામાં પણ અસરકારક સાબિત થઈ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧.૮૬ કરોડ પરિવારોને ઉજ્જવલા કનેક્શન આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે ઉજ્જવલાના લાભાર્થીઓને દર વર્ષે બે મફત એલપીજી રિફિલ આપવાનું નક્કી કર્યું છે. આ રિફિલનું વિતરણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં બે તબક્કામાં કરવામાં આવશે, પ્રથમ તબક્કો ઓક્ટોબર ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધી અને બીજો તબક્કો જાન્યુઆરી ૨૦૨૬થી માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકારે ?૧૫૦૦ કરોડની રકમની જોગવાઈ કરી છે. હાલમાં, પ્રથમ તબક્કામાં આધાર પ્રમાણિત લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહ્યો છે.

### ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે રવાના થઈ ટીમ ઈન્ડિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

વેસ્ટ ઈન્ડીઝ સામે ટેસ્ટ શ્રેણી જીત્યાના ૨૪ કલાકની અંદર ભારતીય ક્રિકેટ ટીમને ઓસ્ટ્રેલિયા જવું પડ્યું, જ્યાં તેઓ ૧૯ ઓક્ટોબરથી શરૂ થતી વન-ડે શ્રેણી રમશે. ભારત અને ઓસ્ટ્રેલિયા ત્રણ વન-ડે અને પાંચ ટી-૨૦ મેચ રમશે. ટીમ ઈન્ડિયાનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત છે, જેના કારણે ખેલાડીઓ પાસે આરામ કરવાનો સમય ઓછો છે. ઓસ્ટ્રેલિયા સામેની આ વન-ડે સીરિઝમાં બધાની નજર અનુભવી વિરાટ કોહલી અને રોહિત શર્મા પર રહેશે, જેઓ માર્ચ ૨૦૨૫ પછી પહેલીવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછા ફર્યા છે. તેમના વાપસીથી ટીમ ઈન્ડિયાની બેટિંગ મજબૂત થવાની અપેક્ષા છે. ટીમ ઈન્ડિયા દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉડાન ભરી હતી, જ્યાં મોટી સંખ્યામાં ચાહકો તેમના મનપસંદ ખેલાડીઓની એક ઝલક જોવા માટે એકઠા થયા હતા. ચાલુ ક્રિકેટ મેચોને કારણે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ખૂબ મુસાફરી કરી રહ્યા છે. આ વ્યસ્ત કાર્યક્રમ અહીં અટકશે નહીં. ઓસ્ટ્રેલિયા પ્રવાસ ૮ નવેમ્બરના રોજ બ્રિસ્બેનમાં સમાપ્ત થશે, ત્યારબાદ ટીમ ૧૪ નવેમ્બરના રોજ કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામે બે ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ રમશે.

# હવે બ્રિટને ઈમિગ્રેશનના નિયમો આકરા બનાવતાં ભારતીયોને ફટકો

## યુકે સરકારના આંકડા અનુસાર, અનેક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પૈકીના અનેક વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયાં પછી પણ ગ્રેજ્યુએટ લેવલની નોકરી મેળવી શકતા નથી

। (એજન્સી) લંડન, તા.૧૫ ।

અમેરિકાએ ઈમિગ્રેશનના નિયમો આકરાં બનાવ્યાં બાદ હવે યુનાઈટેડ કિંગડમ (યુકે)એ પણ આ દિશામાં કડક ધોરણો લાગુ કરવાની શરૂઆત કરી છે. યુકે આવતાં ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવાના હેતુથી સરકારે મંગળારે, ભારત સહિતના દેશોના વિઝા અરજદારો માટે નવી વધુ મુશ્કેલ ઈંગ્લિશ લેન્ગ્વેજ ટેસ્ટ દાખલ કરી છે. તમામ સ્કીલ્ડ વર્કર્સ માટે આગામી ૮ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલી બનનારી આ નવી સિક્યોર ઈંગ્લિશ લેન્ગ્વેજ ટેસ્ટ, બ્રિટનના ગૃહ મંત્રાલય દ્વારા માન્ય પરીક્ષકો દ્વારા આયોજીત કરાશે. જેના પરિણામોની ચકાસણી ત્યારબાદની વિઝા અરજી પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવશે.અરજદારનું અંગ્રેજી ભાષાનું સ્પીકિંગ, લિસનિંગ, રીડિંગ તથા રાઈટિંગનું સ્તર એ-લેવલ અથવા ક્લાસ-૧૨ના સ્તરનું જેનો લેવલ-બી૨ તરીકે ઉલ્લેખ કરાયો છે તેટલું હોવું જોઈએ. આ સ્તરના અંગ્રેજી ભાષાના જ્ઞાનને પગલે અરજદાર યુકેની જીવનશૈલીમાં સરળતાથી ભળી શકશે તેમ ગૃહ મંત્રાલયનું માનવું છે. આ અંગે માહિતી આપતાં યુકેના ગૃહમંત્રી શબાના મેહમૂદે જણાવ્યું હતું કે, બ્રિટને હંમેશા દેશના ઉત્થાનમાં યોગદાન આપવા ઈચ્છતા લોકોને આવકાર્યા છે. પરંતુ અંગ્રેજી ભાષાની જાણકારી વગર આવતાં તથા દેશની વૃદ્ધિમાં કોઈ ફાળો આપવા અસમર્થ લોકોનું આગમન બિલકુલ સ્વીકાર્ય નથી. જો તમારે આ દેશમાં આવવું હોય તો તમારે અમારી ભાષા શીખવી જ પડશે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.યુકેની સંસદના નીચલા ગૃહમાં તાજેતરમાં રજૂ કરાયેલાં આ પગલાં, વિઝાના નિયમો કડક બનાવવાના બ્રિટિશ સરકારના ઈમિગ્રેશન વ્હાઈટ પેપરનો ભાગ છે. વિઝાના નિયમોમાં કરાયેલાં અન્ય સુધારાઓમાં, ભારતીય વિદ્યાર્થીઓમાં લોકપ્રિય એવા ગ્રેજ્યુએટ રૂટ વિઝા અંતર્ગત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સ્નાતક કક્ષાની નોકરી શોધવાનો સમય અગાઉના ૨૪ મહિનાથી ઘટાડીને ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી ૧૮ મહિના કરી દેવાશે. જોકે પીએચડી સ્તરના સ્નાતકોને આ માટે ત્રણ વર્ષ સુધીની મંજૂરી અપાશે.યુકે સરકારના આંકડા અનુસાર, અનેક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પૈકીના અનેક વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયાં પછી પણ ગ્રેજ્યુએટ લેવલની નોકરી મેળવી શકતા નથી. આ ઉપરાંત ૨૦૨૫-૨૦૨૬ના શૈક્ષણિક વર્ષથી સ્ટુડન્ટ વિઝા માટેની નાણાકીય જરૂરિયાતો પણ વધારી દેવાઈ છે. હવે વિદેશી વિદ્યાર્થીઓએ પુરવાર કરવું પડશે કે તેમની પાસે તેમની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પૂરતા નાણાં છે. હાલમાં લંડનમાં અભ્યાસ કરતાં વિદેશી વિદ્યાર્થીઓએ માસિક ૧,૪૮૬ પાઉન્ડ્સનું ફંડ મેઈન્ટેઈન કરવું પડે છે, જે વધીને ૧,૫૨૯ પાઉન્ડ થઈ જશે.

### મહાભારતના "કર્ણ" પંકજ ધીરે દુનિયાને કહ્યું અલવિદા

। મુંબઈ, તા.૧૫ ।

ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. બીઆર ચોપરાની મહાભારતમાં કર્ણની ભૂમિકા ભજવનાર અભિનેતા પંકજ ધીરનું નિધન થયું છે. તેમના નજીકના મિત્રએ અભિનેતાના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પંકજને કેન્સર હતું, અભિનેતાની હાલત ખૂબ જ નાજુક હતી. આ રોગને કારણે તેમની મોટી સર્જરી પણ થઈ હતી, પરંતુ પંકજને બચાવી શકાયા નહીં.

### ગાયઘાટ બેઠક પરથી કોમલ સિંહને ટિકિટ આપી

# બિહાર ચૂંટણીને લઈ JDUએ ૫૭ ઉમેદવારોના નામ કર્યા જાહેર

। (એજન્સી) પટના, તા.૧૫ ।

બિહાર વિધાનસભા ચૂંટણી માટે જનતા દળ યુનાઈટેડ (JDU) એ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. જેડીયુની પહેલી યાદીમાં ૫૭ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. NDA માં એક વિચિત્ર રાજકીય રમત ચાલી રહી છે. જનતા દળ યુનાઈટેડ એ ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી દ્વારા દાવો કરાયેલી પાંચ વિધાનસભા બેઠકો માટે તેના ઉમેદવારોને ટિકિટ આપી છે. જનતા દળ યુનાઈટેડ એ આજે ૫૭ ઉમેદવારોની પોતાની પ્રથમ યાદી જાહેર કરી. આ યાદીમાં લોક જનશક્તિ (રામ વિલાસ) દ્વારા દાવો કરાયેલી પાંચ બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો સોનબરસા, મોરવા, એકમા, રાજગીર અને ગાયઘાટ છે. જેડીયુએ ગાયઘાટ બેઠક પરથી કોમલ સિંહને ટિકિટ આપી છે. તે એલજેપી (આર) સાંસદ વીણા દેવીની પુત્રી છે. કોમલ સિંહના પિતા દિનેશ સિંહ, જેડીયુના એમએલસી છે. એવી અટકળો ચાલી રહી હતી કે તે એલજેપી (રામવિલાસ) ઉમેદવાર હશે, જોકે, જ્યારે આ બેઠક જેડીયુને ગઈ, ત્યારે તે ત્યાંથી ઉમેદવાર બની. જેડીયુએ બરબીઘાથી વર્તમાન ધારાસભ્ય સુદર્શન કુમારની ટિકિટ કાપી છે.

### બસ દુર્ઘટનામાં કેવી રીતે સળગી ગયા ૨૦ લોકો?

# શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગમાં કોઈને પણ બહાર નીકળવાનો મોકો

। (એજન્સી) જેસલેમ, તા.૧૫ ।

રાજસ્થાનમાં મંગળવારે મોડી સાંજે જેસલમેરથી જોધપુર જઈ રહેલી ૫૭ મુસાફરોને લઈને જઈ રહેલી ખાનગી બસમાં ૨૦ લોકોના દુઃખદ મોત થયા. શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગમાં કોઈને પણ બહાર નીકળવાનો મોકો મળ્યો નહોતો. પ્રધાનમંત્રી કાર્યાલયે અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોના પરિવારજનોને ૨ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી. સૂત્રો જણાવે છે કે બસની અંદર ફટાકડા હોવાને કારણે આગ ભડકી હતી. આગ ઝડપથી વધી ગઈ અને મૃત્યુઆંક વધતો રહ્યો.



બસની અંદર ૧૯ લોકો ગંભીર રીતે દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા ૧૭ મુસાફરોને ગ્રીન કોરિડોર દ્વારા જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. હોસ્પિટલ વહીવટીતંત્રે જોધપુર પહોંચતા પહેલા તમામ તૈયારીઓ કરી હતી. ખાસ વોર્ડ ખાલી કરાવવામાં આવ્યા હતા અને દાઝી ગયેલા લોકોની સારવાર માટે ડોકટરોની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

હોસ્પિટલમાં પહોંચ્યા પછી ઘણા પરિવારના સભ્યો રડી રડીને અધમૂઆ થઈ ગયા હતા, એમ્બ્યુલન્સ આવતાની સાથે જ તેઓ તેમના પ્રિયજનોને ઓળખવાનો પ્રયાસ કરતા બેહોશ થઈ ગયા. કેટલાક લોકોએ આરોપ લગાવ્યો કે આ અકસ્માત ટ્રાવેલ કંપનીની બેદરકારીને કારણે થયો હતો - "જો મુસાફરો પાસેથી આટલા પૈસા વસૂલવામાં આવ્યા હતા, તો તેમની સલામતીની વ્યવસ્થા કેમ ન કરવામાં આવી?"

### દિવાળી પહેલા સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# દિલ્હી-એનસીઆરમાં આ દિવાળીએ માત્ર ગ્રીન ફટકાડાં જ ફોડી શકાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

આ દિવાળીમાં દિલ્હી-એનસીઆરમાં ફક્ત ગ્રીન ફટાકડાનો ઉપયોગ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે દિવાળીના બે દિવસ પહેલા અને દિવાળીના દિવસે એટલે કે ૧૮ થી ૨૧ ઓક્ટોબર સુધી ફક્ત સવારે ૬:૦૦ થી સાંજે ૭:૦૦ અને રાત્રે ૮:૦૦ થી ૧૦ વાગ્યા સુધી ગ્રીન ફટાકડા ફોડી શકાશે.

સુપ્રીમ કોર્ટે પર્યાવરણના રક્ષણ અને વસ્તીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. કોર્ટે જણાવ્યું હતું કે ફટાકડા લોકોને ગંભીર નુકસાન પહોંચાડે છે અને તેથી, ચિંતા અને ઉજવણીના અધિકારો વચ્ચે સંતુલન જાળવવું મહત્વપૂર્ણ છે. આ નિર્દેશ અર્જુન ગોપાલની અરજી, મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની કોર્ટમાં એમિકસ ક્યુરી દ્વારા ઉઠાવવામાં આવેલી ગંભીર ચિંતાઓ અને ફટાકડાની દાણચોરીના કેસોના પ્રકાશમાં જાહેર કરવામાં આવ્યો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે છેલ્લા છ વર્ષમાં ગ્રીન ફટાકડામાં સુધારો થયો છે. ૨૦૨૪માં GNCTD એ ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો પરંતુ હવે દિલ્હી અને કેન્દ્ર સરકારોએ પ્રતિબંધ હળવો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



## ફરિયાદીએ જજ પર ચાલુ સુનાવણીમાં ચપ્પલ ફેંક્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ન્યાયની દેવીના મંદિરમાં જ ગરિમાને ઠેસ પહોંચાડતી એક ચોંકાવનારી ઘટના મંગળવારે અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં બની હતી. ચાલુ સુનાવણી દરમિયાન એક ફરિયાદીએ રોષે ભરાઈને એડિશનલ પ્રિન્સિપલ જજ એમ. પી. પુરોહિત તરફ ચપ્પલ ફેંક્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના એડિશનલ પ્રિન્સિપલ જજ એમ. પી. પુરોહિતની કોર્ટમાં એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન, કેસના એક ફરિયાદીએ અચાનક ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો અને પોતાનો કાબૂ ગુમાવી જજ તરફ ચપ્પલ ફેંક્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદીની અપીલ કાઢી નાખવામાં આવી હોવાથી તેણે આ હરકત કરી હતી. ચપ્પલ ફેંકતા પહેલા ફરિયાદીની જજ સાથે બોલાચાલી પણ થઈ હોવાનું કહેવાય છે.

આ ચોંકાવનારી ઘટના બનતા જ કોર્ટરૂમમાં ચકચાર મચી ગઈ હતી. કોર્ટ સ્ટાફ અને સુરક્ષાકર્મીઓ તુરંત હરકતમાં આવ્યા હતા. ઘટના બાદ તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને જજ પર ચપ્પલ ફેંકનાર ફરિયાદીની અટકાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ન્યાયતંત્રની ગરિમાને ખંડિત કરતી આ ઘટનાએ ન્યાયપાલિકામાં ચિંતા જગાવી છે. અગાઉ પણ અમદાવાદમાં કોર્ટની અંદર આ પ્રકારના બનાવો બની ચૂક્યા છે, જે દર્શાવે છે કે ન્યાય પ્રક્રિયામાં વિલંબ કે અસંતોષના કારણે લોકોમાં રોષ વધી રહ્યો છે. પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપી ફરિયાદી સામે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

### ઠંડીનો ચમકારો વધશે

# દિવાળીના તહેવાર ટાણે જ ગુજરાતમાં વરસાદી ઝાપટાંની આગાહી!

### છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં વ્યાપક ભિન્નતા જોવા મળી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાતમાં દિવાળીના તહેવારની પહેલા જ હવામાનમાં ગુલાબી ઠંડીની અસર દેખાઈ રહી છે. આગામી દિવસોમાં પણ ઠંડીમાં વધારો નોંધાશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે પ રંતુ સાથે જ તેમણે જણાવ્યું હતું કે દિવાળીના તહેવારને ટાણે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદના ઝાંપટા પડી શકે છે. એટલે નોરતા બાદ દિવાળી અને નુતન વર્ષના તહેવારના રંગમાં વરસાદ ભંગ પ ડી શકે છે.હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટેની આગાહી જાહેર કરવામાં આવી છે, જે મુજબ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન યથાવત રહેશે, જ્યારે લઘુત્તમ તાપમાન (ઠંડી) માં વધારો થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ૧૭ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથેના ઝાપટાં પડવાની શક્યતા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન (ગરમી) માં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. જોકે, ન્યૂનતમ તાપ માન (ઠંડી) માં આગામી ૩ દિવસ સુધી કોઈ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તેમાં ૨ થી ૩°C નો ધીમે ધીમે વધારો થવાની સંભાવના છે, જેનો અર્થ છે કે રાત્રીનું વાતાવરણ થોડું ઓછું ઠંડું બની શકે છે.છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં વ્યાપક ભિન્નતા જોવા મળી હતી. રાજ્યનું સરેરાશ મહત્તમ તાપમાન ૩૪.૩°C નોંધાયું હતું, જ્યારે સરેરાશ ન્યૂનતમ તાપમાન ૨૧.૧°C રહ્યું હતું. વિવિધ શહેરોમાં તાપમાનની વાત કરીએ તો, સુરત અને વેરાવળ બંનેમાં ૩૫°C સાથે સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

### સગીરાને મોબાઈલ ગિફ્ટ આપવાની લાલચ આપી

## નડિયાદમાં સગીર દીકરીની આબરૂ લેવાની કોશિશ કરનારા પિતાને ૫ વર્ષ કેદની સજા

। (એજન્સી) નડિયાદ, તા.૧૫ ।

નડિયાદમાં દોઢ વર્ષ પહેલાં જન્મદિવસ નિમિત્તે મોબાઈલ ગિફટ આપ વાની લાલચ આપી સગા બાપે સગીરાની આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં આરોપીને નડિયાદ કોર્ટે આજે પ ાંચ વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને ૧૭,૦૦૦ રૂપિયાનો દંડ પણ કર્યો છે. ભોગ બનનાર કિશોરીને ગુજરાત સરકારના નોટિફિકેશન મુજબ એક લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.નડિયાદના એક વિસ્તારમાં રહેતા શખ્સે તા. ૨૬મી માર્ચ, ૨૦૨૪ના રોજ રાત્રીના આશરે ૧ વાગ્યાના સુમારે પોતાની જ સગી દિકરી (ઉં.વ. ૧૫ વર્ષ ૬ માસ)ને તેના જન્મદિવસે મોબાઈલ ગિફટમાં આપવાની લાલચ આપી હતી. ત્યારબાદ પિતાએ દિકરીનો હાથ ખેંચી ખોળામાં બેસાડી આબરૂ લેવાની કોશિશ કરી હતી. આ બનાવ દરમિયાન વચ્ચે પડેલા વ્યક્તિને માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે નડિયાદ શહેર પોલીસ મથકે આરોપી પિતા વિરુદ્ધ પોક્સો એક્ટ અન્વયે ગુનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ આજે નડિયાદના ત્રીજા એડી. ડિસ્ટ્રીક્ટ અને સ્પે. જજ (પોક્સો) પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલી ગયો હતો.

## સુરતમાંથી ૮૦ કિલો શંકાસ્પદ માખણ જપ્ત કરાયું

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

સુરત શહેરમાં નકલી ઘી ઝડપાયાના બનાવ બાદ હવે નકલી માખણના વેપારનો પ દર્ફાશ થયો છે. સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા પુણા વિસ્તારના યોગી ચોકમાં આવેલી બે ડેરીઓમાં દરોડા પ ડવામાં આવ્યા હતા, જ્યાંથી મોટા પ્રમાણમાં શંકાસ્પદ માખણનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, SOGની ટીમે યોગી ચોકમાં આવેલી ખોડિયાર ડેરી અને સૌરાષ્ટ્ર ડેરીમાં તપાસ હાથ ધરી હતી.

# મોદી-શાહ સાથેની બેઠક બાદ ગુજરાત મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ





। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

દિવાળી પૂર્વે રાજકીય ગરમાવો વધ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, સીએમ અને પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ, રત્નાકરજી વચ્ચે સોમવારે દિલ્હીમાં યોજાયેલી મેરેથોન બેઠક બાદ હવે ગુજરાત મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ તીવ્ર બની છે. વિશ્વસનીય સૂત્રો મુજબ આગામી ગુરુવારે નવી કેબિનેટની જાહેરાત શક્ય છે. ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન મળવાની પૂરી શક્યતા છે. સાથે જ, થોડા વર્તમાન મંત્રીઓને નવી જવાબદારી સાથે રાખવાની પણ તૈયારી છે.

જયેશ રાદડિયા (જેતપુર, લેઉઆ પ ાટીદાર) અને જીતુભાઈ વાઘાણી (ભાવનગર દક્ષિણ, લેઉઆ પાટીદાર) પુનઃ મંત્રાલયમાં સ્થાન મેળવી શકે છે. તેમજ શંભુનાથ ટુંડિયા (ગઢડા, SC) અને પ્રકાશ વરમોરા (ધ્રાંગધ્રા, ઉદ્યોગપતિ – પાટીદાર) નવા ચહેરા તરીકે ધ્યાન ખેંચી રહ્યા છે. પોરબંદરના અર્જુન મોઢવાડિયા (મેર – OBC) અને જામનગરના રીવાબા જાડેજા (ક્ષત્રિય) પણ ચર્ચાસ્પદ નામોમાં છે.

મધ્ય ગુજરાતમાંથી નિમિષા સુથાર (મોરવાહડફ, OBC) અને અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ, ક્ષત્રિય) નાં નામ હાઈલાઈટ થઈ રહ્યા છે. બ્રાહ્મણ સમાજમા-થી અમિત ઠાકર (વેજલપુર), અમૂલ ભટ્ટ (અમદાવાદ મણિનગર) અને દર્શનાબેન વાઘેલા (અસારવા, SC) પણ સંભાવિત છે. દક્ષિણ ગુજરાતમાં દર્શના દેશમુખ (નર્મદા, ST), નરેશ પટેલ (ગણદેવી, ST) અને સંગીતા પાટીલ (લિંબાયત, સુરત, OBC)ના નામ મંત્રીમંડળના સંતુલનમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

ઉત્તર ગુજરાતમાંથી પણ મોટા ફેર-ફારના સંકેત છે. શંકરભાઈ ચૌધરી (થરાદ), રમણલાલ વોરા (ઈડર, SC), જે.એસ. પ ટેલ (માણસા, કડવા પાટીદાર), વી.ડી. ઝાલા (હિંમતનગર, ક્ષત્રિય), સ્વરૂપજી ઠાકોર (વાવ), અલ્પેશ ઠાકોર (ગાંધીનગર ઉત્તર) અને સી.જે. ચાવડા (વિજાપુર) જેવા નેતાઓ મંત્રીપદ માટે ચર્ચામાં છે.

સૂત્રો કહે છે કે, નવી ટીમમાં મહિલાઓને પણ વિશેષ સ્થાન મળશે. બે મહિલા નેતાઓના નામ લગભગ નક્કી છે. ઉપરાંત, કેટલાક પ ૂર્વ કોંગ્રેસી નેતાઓને પણ સ્થાન આપવાની વિચારણા છે જેમણે છેલ્લા કેટલાક વષ-ર્ોમાં ભાજપમાં જોડાયા હતા. બીજી તરફ, હાલના લગભગ પાંચ મંત્રીઓને જ પુનઃ સ્થાન મળવાની શક્યતા છે, પરંતુ તેમની જવાબદારીઓમાં ફેરફાર થઈ શકે છે.

### કેશોદનાં ગૃહિણી સામે ૨ અને તેના પતિ સામે ૩ ફરિયાદ

# 'બંટી-બબલી'એ અનેકને શીશામાં ઉતારી લાખો રૂપિયા ખંખેરી લીધા

### આ મામલે ફરિયાદ થતા કેશોદ પોલીસે આ બંટી-બબલી દંપતિને સકંજામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

કેશોદમાં રહેતા બંટી બબલી દંપ તિએ લોકોને વિઝા અપાવવા, સસ્તામાં ભંગાર અપાવવા તેમજ મેડિકલ સ્ટોર ખોલાવી આપવા કહી લોકો પાસેથી પૈસા લાખો રૂપિયા ખંખેર્યા હતા. આ મામલે ફરિયાદ થતા પોલીસે છેતરપિં ડીનો ગુનો દાખલ કરી આ બંટી-બબલી દંપતીને સકંજામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.કેશોદના માંગરોળ રોડ પર આવેલા બરસાના સોસાયટીમાં રહેતા અને પ્રોવિઝન સ્ટોર ધરાવતા અશ્વિનભાઈ દેવરાજભાઈ ઉસદડીયાને તેના પાડોશમાં રહેતા રાજ સુરેશ કુંભાણી અને તેના પત્ની હેનિશા ઉર્ફે હેલીબેન રાજ કુંભાણી પાડોશીના નાતે સબંધ હતા. આ દંપતિ અમદાવાદ, સુરત બાજુ જતા રહે છે. રાજ કુંભાણી વિદેશમાં જઈ આવ્યો છે. જાન્યુ. ૨૦૨૫માં રાજ કુંભાણી અને તેના પ ત્ની હેનિશાબેને અશ્વિનભાઈને તેના પુત્ર રઘુને આફ્રિકા મોકલવા અને ત્યાં નોકરી મળશે અને સારા પૈસા કમાઈ શકશે. અમે આળિકાના વિઝા કઢાવી આપ ીશ, કઈ ખર્ચ થશે તે આપણે લખતા જઈશું એમ કહ્યું હતું. રાજ કુંભાણી અને તેના પત્નીએ રઘુના વિઝા કરાવી આપ વાના નામે અશ્વિનભાઈ પાસેથી રોકડા અને ઓનલાઈન મળી કુલ ૧૯.૫૨ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા ત્યાર બાદ કોઈ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ઈન્ડિયન એમ્બેસીમા તપાસ કરતા ત્યાં કોઈ આવો વિઝા લેટર ન આવ્યો હોવાનું જાણવા મળ્યુ હતું. આ અંગે આજે અશ્વિનભાઈ ઉસદડીયાએ રાજ સુરેશ કુંભાણી અને તેની પત્ની હેનિશાબેન ઉર્ફે હેલીબેન કુંભાણી સામે ફરિયાદ કરતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

## સુસાઇડ કેપિટલ બનતાં સુરતમાં આત્મહત્યાના ૪ બનાવમાં ૪નાં મોત

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

વેપાર ઉદ્યોગની નગરી ગણાતા સુરતમાં આત્મહત્યાની ઘટનાઓ સતત વધતી રહી છે. સોમવારે પણ વધુ ચાર ઘટનામાં ચાર લોકોએ અકાળે મોતને વ્હાલું કરી લીધું હતું. લસકાણામાં તરુણે ફાંસો ખાધો હતો, પાંડેસરામાં શાકભાજીના વેપારીએ, લિંબાયતમાં ૨૪ વર્ષની યુવતી અને સરથાણામાં ઈલેક્ટ્રિસ્યનને જીવ ટૂંકાવ્યો હતો.પ હેલી ઘટનામાં મૂળ બિહાર અને હાલ લસકાણા ડાયમંડ નગરમાં ૧૪ વર્ષીય વિકાસ લક્ષ્મણ રાય એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરતો હતો. વિકાસ થોડાક સમય પહેલા જ વતનથી રોજીરોટી માટે સુરત આવ્યો હતો. ગઈકાલે બપોરે વિકાસે ઘરે રૂમમાં છતમાં લોખંડની એંગલ સાથે કપડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

### રિક્ષામાં આવેલા તસ્કરોએ ૫૦ હજાર ચોરી લીધા

# ફોનમાંથી રિક્ષા બુક કરવાનું કહીને શખ્સે લાફો મારી લૂંટી લેતા આધેડને લકવા થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

દિવાળી ટાણે શહેરની કાલુપુર, ખાડિયા અને હવેલી પોલીસના નાક નીચે રિક્ષાચાલકના સ્વાંગમાં ફરતા લૂંટારુઓ ફરી એક વાર સક્રિય બન્યા છે. એક આધેડ સેલ્સમેન રિક્ષા સ્ટેન્ડ પર ઊભા હતા ત્યારે એક શખ્સ તેમની પાસે આવ્યો હતો. તેણે આધેડને મોબાઈલથી રિક્ષા બુક કરાવી આપવાનું કહેતા આધેડે મનાઈ કરી હતી. જેથી શખ્સે ઉશ્કેરાઈને આધેડના ખિસ્સામાંથી ફોન અને રોકડા લૂંટી લીધા હતા. બાદમાં લાફો મારીને વધુ કંઈ હોય તો આપી દેજે તેમ કહીને ધક્કો મારીને ભાગી ગયો હતો. આ ઘટનાના કારણે આધેડને શરીરના જમણી બાજુના અંગમાં લકવા થઈ જતા તે ગભરાઈને ઘરે જતા રહ્યા હતા. બાદમાં પોલીસને જાણ કરતા કાલુપુર પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નરોડાની આનંદનગર સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય હાસાનંદ સાધનાની પાંચકુવા પાસે આવેલા માર્કેટમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે. ગત શનિવારની રાત્રે હાસાનંદ નોકરી પ ૂરી કરીને ઘરે જવા નીકળ્યા હતા. કાલુપ ુર રેલવે સ્ટેશનની સામે રિક્ષા સ્ટેન્ડ પાસે ઊભા હતા. ત્યારે ત્યાં આવેલા એક શખ્સે હાસાનંદ પાસે મોબાઈલ ફોન માગીને ફોનથી રિક્ષા બુક કરાવી આપ વાનું કહેતા હાસાનંદે મનાઈ કરી હતી. શખ્સની વાત સાંભળીને હાસાનંદે મારે કોઈ રિક્ષા નથી કરાવવી તેમ કહ્યું હતું. જેથી શખ્સે બળજબરીપૂર્વક હાસાનંદના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ અને રોકડા સહિત કુલ રૂ. ૫૪૦૦ની મતા લૂંટી લીધી હતી. શખ્સે હાસાનંદને લાફો મારીને તારી પાસે જે કાઈ પણ હોય તે આપી દે નહીં તો તને જાનથી મારી નાખીશ તેમ કહીને ધમકી આપી હતી. આ ઘટનાના કારણે હાસાનંદને શરીરના જમણી બાજુના અંગમાં લકવા થઈ જતા તે ગભરાઈને ઘરે જતા રહ્યા હતા. હાસાનંદે તેમના દીકરાને આ બાબતે વાત કરતા આખરે કાલુપુર પ ોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ તેજ કરી છે.જગુદણ ગામમાં રહેતા વિષ્ણુ પ્રજાપતિ સાયકલ રિપેરિંગની દુકાન ધરાવે છે. બે દિવસ પહેલા તે મહેસાણાથી અમદાવાદ ખાતે સાયકલના સ્પેરપાર્ટ ખરીદી કરવા માટે ૫૦ હજાર રૂપિયા લઈને આવ્યા હતા.

# ગિરનાર મંદિરમાં તોડફોડનો પર્દાફાશ પૂજારી જ નીકળ્યો સૂત્રધાર, બેની ધરપકડ







। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

ગિરનાર પર્વત પર અંદાજે ૫,૫૦૦ પ ગથિયાં નજીક આવેલા ગુરુ ગૌરક્ષનાથ મંદિરમાં તા. ૪ ઓક્ટોબરની રાત્રે થયેલી મૂર્તિ તોડવાની શરમજનક ઘટનાનો જૂનાગઢ પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચોંકાવનારી ઘટનાનો માસ્ટરમાઈન્ડ બીજું કોઈ નહીં પણ મંદિરનો જ પગારદાર સેવાદાર (પૂજારી) નીકળ્યો. પોતાની કમાણી વધારવા અને લાઈમલાઈટમાં આવવા માટે તેણે આ ઘૃ ણાસ્પદ ષડયંત્ર રચ્યું હતું.પોલીસે આ કેસમાં મૂળ મહારાષ્ટ્રના અને છેલ્લા અઢી વર્ષથી જૂનાગઢમાં રહેતા પગારદાર સેવાદાર કિશોર કુકરેજા અને તેના સાથીદાર રમેશ ભટ્ટની ધરપકડ કરી છે.જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ જણાવ્યું હતું કે, ગંભીર ઘટના બાદ ગિરનાર રૂટ, રોપ-વે અને અન્ય જગ્યાઓના કુલ ૧૫૬ જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કરાયા હતા. આ માટે ૧૦ ટીમો અને ખાસ નેત્રમ ટીમને કામે લગાડવામાં આવી હતી.તપાસ દરમિયાન પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લીધી ત્યારે કેટલીક શંકાસ્પદ બાબતો સામે આવી હતી. મંદિરનો કાચ એક બાજુથી તોડવામાં આવ્યો હતો, પરંતુ ૫૦ કિલો વજનની મૂર્તિ તૂટેલા કાચમાંથી નીકળવી શક્ય નહોતી. પોલીસે આ શંકા દૂર કરવા એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની મદદ લીધી. જેવો કાચ તોડાયો હતો, તેવો જ નવો કાચ લગાવી અને તેટલા જ વજનની બીજી મૂર્તિ મંગાવીને સમગ્ર ઘટનાનો ડેમો કરવામાં આવ્યો. ડેમોમાં સાબિત થયું કે, મૂર્તિને કાચ તોડીને બહાર કાઢવી અત્યંત મુશ્કેલ હતી.આ બાબતે પોલીસની શંકા દૃઢ બની કે આ કૃત્ય અંદરના કોઈ વ્યક્તિનું જ છે.પોલીસને શંકાસ્પદ જણાતા રમેશ ભટ્ટ, જે ત્રણ મહિના પહેલાં સેવાદાર હતો અને ફોટોગ્રાફી કરતો હતો, તેની યુક્તિપૂર્વક પૂછપરછ કરવામાં આવી. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી અને સમગ્ર ષડયંત્રનો પર્દાફાશ થયો. રમેશ ભટ્ટે કબૂલાત કરી કે તા. ૪ ઓક્ટોબરની સાંજે આરતી પૂર્ણ થયા બાદ પ ગારદાર સેવાદાર કિશોર કુકરેજાએ તેને કહ્યું કે 'આપ ણે એક કાંડ કરવાનો છે'.સાંજે ૭:૩૦ વાગ્યા બાદ કિશોર કુકરેજાએ મુખ્ય મંદિરમાંથી એક લોખંડનો પાઈપ લીધો અને ગૌરક્ષનાથ મંદિરના સાઈડના કાચને તોડી નાખ્યો. ત્યારબાદ પાઈપ પાછો મૂકીને મંદિરને તાળું માર્યું અને રમેશ ભટ્ટને ૯:૦૦ વાગ્યા બાદ જાણ કરવાનું કહ્યું હતું. રાત્રે ૯:૩૦ વાગ્યા બાદ કિશોર કુકરેજાએ પોતાની પાસેની ચાવીથી મંદિરનું તાળું ખોલ્યું અને બંને જણા મળીને ગુરુ ગૌરક્ષનાથની મૂર્તિને બહાર કાઢી. ત્યારબાદ બંનેએ મૂર્તિને ઊંચકીને પર્વત પરથી ધક્કો મારી દીધો અને આ સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે બંને આરોપીઓ રમેશ ભટ્ટ અને કિશોર કુકરેજાની ધરપ કડ કરીને વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



મંગળવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ પોસ્ટ કરાયેલી આ તસવીરમાં, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા રાજસ્થાનના જોધપુરમાં જેસલમેર-જોધપુર હાઇવે બસ અકસ્માત સ્થળની મુલાકાત લઈ રહ્યા છે.



સિંગાપોરમાં ગાયિકા ઝુબીન ગર્ગના મૃત્યુમાં કથિત રીતે સંડોવાયેલા સ્વર્ગસ્થ ગાયિકા ઝુબીન ગર્ગના સુરક્ષા ગાર્ડ પરેશ વૈશ્યને આસામના ગુવાહાટીમાં સુનાવણી માટે ઝલર કોર્ટમાં લાવવામાં આવ્યા છે.

### નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી

# બિહારમાં ૭૧ બેઠકો પર ભાજપે જાહેર કર્યા ઉમેદવારોના નામ

## સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, તારકિશોર પ્રસાદ, રેણુ દેવી, પ્રેમ કુમાર, મંગલ પાંડે જેવા નામો પ્રથમ યાદીમાં

। (એજન્સી) પટના, તા.૧૬ ।

ભારતીય જનતા પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે. પહેલી યાદીમાં ૭૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, તારકિશોર પ્રસાદ, રેણુ દેવી, પ્રેમ કુમાર, મંગલ પાંડે જેવા નામો પ્રથમ યાદીમાં છે.



ભાજપે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતાની પહેલી યાદી જાહેર કરી છે, જેમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. પાર્ટીના વરિષ્ઠ નેતા સમ્રાટ ચૌધરીને તારાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રામ કૃપાલ યાદવને પણ દાનાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદી મુજબ, નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી છે. રત્નેશ કુશવાહાને પટના સાહિબથી ચૂંટણી લડવાની તક આપવામાં આવી છે. આ યાદીમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. દ્વછ્છમાં બેઠકોની વહેંચણી પછી ભાજપને ૧૦૧ બેઠકો મળી છે. બાકીની બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત બીજી યાદીમાં કરવામાં આવશે.

નંદ કિશોર યાદવ ઉપરાંત, રીગાથી મંત્રી મોતીલાલ પ્રસાદની ટિકિટ કાપવામાં આવી છે. ઔરાઈથી રામસૂરત રાયની ટિકિટ કાપવામાં આવી છે. સ્ન્ઝ અને આરોગ્ય પ્રધાન મંગલ પાંડેને સિવાનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદીમાં અન્ય અગ્રણી નામોમાં રેણુ દેવી (બેતિયા), પ્રમોદ કુમાર સિંહા (રક્સૌલ), શ્યામબાબુ પ્રસાદ યાદવ (પિપરા) અને નીતિશ મિશ્રા (ઝંઝારપુર)નો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક બાદ આ યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

બિહાર વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો માટે યોજાશે. જાહેરનામું બહાર પડતાની સાથે જ નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૧૭ ઓક્ટોબર છે, જ્યારે નામાંકન પત્રોની ચકાસણી ૧૮ ઓક્ટોબરે થશે. ઉમેદવારો ૨૦ ઓક્ટોબર સુધી પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી શકે છે

પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ જિલ્લાઓમાં પટના, ભોજપુર, બક્સર, ગોપાલગંજ, સિવાન, સારણ, મુઝફ્ફરપુર, વૈશાલી, દરભંગા અને સમસ્તીપુરનો સમાવેશ થાય છે. તે સિવાય મધેપુરા, સહરસા, ખગડિયા, બેગુસરાય,

## ધ્રાંગધ્રામાં મિત્રએ જ છરીથી હુમલો કરીને યુવાનની હત્યા કરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં દિવાળીના તહેવાર પહેલા જ એક મિત્ર દ્વારા મિત્રની તિક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા નિપજાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદનના આધારે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ધ્રાંગધ્રા શહેરના મોચીવાડ વિસ્તારમાં રહેતા યુવક શાહરુખ સલીમભાઈ મોવર (ઉં.વ.૨૭)ને ધોળીધાર વિસ્તારમાં કોઈ કારણોસર પોતાના જ મિત્ર આરીફ રસુલભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જેમાં મામલો ઉગ્ર બનતા આરીફે છરીના ઘા ઝીંકી શાહરૂખને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કરતા સમગ્ર બનાવ હત્યામાં પરીણામયો હતો અને ભોગ બનનાર યુવકને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યારે આ બનાવની જાણ થતા ધ્રાંગધ્રા ડી.વાય.એસપી જે.ડી. પુરોહિત, પી.આઈ., સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ તેમજ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને ભોગ બનનાર યુવકના પરિવારજનોના નિવેદને આધારે ફરિયાદની તેમજ હત્યા પાછળનું સાચું કારણ જાણવાની તજવીજ હાથ ધરી હતી.

### વોટ્સએપ એકાઉન્ટ અનબ્લોક કરવાની માંગ કરતી બે ડોક્ટરોની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

# ‘વોટ્સએપ બ્લોક થયું છે, અરટ્ટઇ એપ વાપરો’ : સુપ્રીમની ટકોર....

## સુપ્રીમ કોર્ટે આ દલીલોનો અસ્વીકાર કરીને કહ્યું કે વોટ્સએપ એક ખાનગી કંપની છે અને કોઈ જાહેર કાર્ય કરતી નથી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬।

સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને બે ડોક્ટરોએ પોતાના બ્લોક કરાયેલા વોટ્સએપ એકાઉન્ટને અનબ્લોક કરવા માટે માંગ કરી હતી. આ સંદર્ભમાં સુનાવણી કરી રહેલા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મેહતાની બેન્ચે બંને ડોક્ટરોની અરજી ફગાવી દીધી છે અને કહ્યું કે બંધારણની કલમ ૩૨ અંતર્ગત રિટ અરજી ફક્ત રાજ્ય કે તેની એજન્સીઓ સામે દાખલ કરી શકાય છે, ખાનગી કંપની સામે નહીં.આ સુનાવણી દરમિયાન, જ્યારે વરિષ્ઠ વકીલ મહાલક્ષ્મી પવનીએ અરજદારો તરફથી દલીલ આપી કે અરજદારોના અકાઉન્ટ બહાલ(અનબ્લોક) કરવામાં આવે, તો કોર્ટે કહ્યું કે તમારો મૌલિક અધિકાર વોટ્સએપ સુધી પહોંચવાનો કેવી રીતે થઈ ગયો? શું વોટ્સએપ કોઈ રાજ્ય છે?સુપ્રીમ કોર્ટે આ દલીલોનો અસ્વીકાર કરીને કહ્યું કે વોટ્સએપ એક



ખાનગી કંપની છે અને કોઈ જાહેર કાર્ય કરતી નથી. એટલા માટે, કલમ ૩૨ અંતર્ગત તેની સામે રિટ અરજી સ્વીકારી શકાય નહીં. વકીલ મહાલક્ષ્મી પવનીએ એ વાતનો સ્વીકાર કર્યો કે વોટ્સએપ રાજ્ય નથી, ત્યારે જજોએ એમ પણ કહ્યું કે અહીં સુધી કે હાઈકોર્ટ સમક્ષ પણ આવી રિટ અરજી ટકી શકશે નહીં. રિપોર્ટ અનુસાર, જસ્ટિસ મેહતાએ કહ્યું કે, ‘‘બીજા મેસેજિંગ એપ્સ છે, તમે તેનો ઉપયોગ કરી શકો છો. તાજેતરમાં એક દેશી એપ આવ્યું છે, અરટ્ટઈ - તેનો ઉપયોગ કરો. મેક ઈન ઈન્ડિયા.’’ ઉલ્લેખનીય છે કે અરટ્ટઈ ભારતીય કંપની જોહો કોર્પોરેશનને બનાવેલું એક ત્વરિત મેસેજિંગ એપ છે. આ સાથે સુપ્રીમ કોર્ટની બેન્ચે એમ પણ કહ્યું કે જો વોટ્સએપ અકાઉન્ટ બ્લોક કરવા પર અરજદારોને વાંધો છે, તો એ અન્ય કાયદાકીય ઉપાયો - જેવા કે સિવિલ કોર્ટ કે હાઈકોર્ટના દરવાજા ખટખટાવી શકે છે. ઉલ્લેખનીય છે કે આ અરજી ડો.રમન કુંદ્રા અને એસએન કુંદ્રા નામના બે ડોક્ટરોએ દાખલ કરી હતી. તેઓ ક્લિનિક અને પોલિ-ડાયગ્નોસ્ટિક સેન્ટર ચલાવે છે. બંને ડોક્ટરોનું કહેવું હતું કે ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૫એ કોઈ પણ સૂચના(જાણ કર્યા વિના) તેમનું વોટ્સએપ અકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યું હતું. આ ડોક્ટરોએ દસ વર્ષથી દર્દીઓના સંપર્કમાં રહેવા અને દર્દીઓના સ્વાસ્થ્ય સંબંધિત માહિતી શેયર કરવા માટે વોટ્સએપનો ઉપયોગ કરતા હતા.

### રોહિત-વિરાટની નિવૃત્તિ અંગે ગંભીરનો જવાબ

# વર્લ્ડ કપને હજુ ઘણો સમય, વર્તમાન ઉપર ધ્યાન આપો

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬।

વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી ટેસ્ટ સીરિઝ જીત્યા બાદ ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે વરિષ્ઠ ખેલાડીઓનું ભવિષ્ય, યુવા કૅપ્ટનશિપ અને સોશિયલ મીડિયા ટ્રોલિંગ સહિત ઘણાં મહત્ત્વના મુદ્દાઓ પર પોતાના મંતવ્યો સ્પષ્ટ કર્યા હતા.

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ૨૦૨૭ ODI વર્લ્ડ કપમાં રમવા અંગેના સવાલો પર ધ્યાન દોરતા કહ્યું કે, ૫૦ ઓવરનો વર્લ્ડ કપ હજુ લગભગ અઢી વર્ષ દૂર છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને શાનદાર ખેલાડીઓ છે. મને આશા છે કે તેઓ સારું પ્રદર્શન કરશે, પરંતુ હાલ માટે વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્ત્વપૂર્ણ છે.

જો કે, તેમણે ખેલાડીઓને ટીમમાંથી બહાર રાખવા અંગે ભાવનાત્મક અભિગમ વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈ ખેલાડીને ટીમમાંથી બહાર રાખવો એ મારા માટે ખૂબ જ ભાવનાત્મક નિર્ણય છે. નીતિશ રેડ્ડી જેવા યુવા ખેલાડીઓને પણ તક મળવી જોઈએ.

# પાકિસ્તાનના PM સામે જ ટ્રમ્પે ભારત-PM મોદીના કર્યા વખાણ

## ઈજિપ્તમાં ગાઝા શાંતિ અંગે આયોજિત સંમેલનમાં ટ્રમ્પે કહ્યું કે, ભારત અને પાકિસ્તાન હવે એકબીજા સાથે સારી રીતે રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ઈજિપ્તમાં ગાઝા શાંતિને લઈને આયોજિત સંમેલનમાં ભારત અને પીએમ મોદીના વખાણ કર્યા. તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન હવે ખુબ સારી રીતે એકસાથે રહેશે. આ દરમિયાન મંચ પર પાછળ ઊભેલા પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાઝ શરીફ તરફ વળ્યા અને પૂછ્યું- બરાબર ને?

જેના પર પાકિસ્તાનના પીએમ શરીફે માથું હલાવીને હા પાડી. જેનાથી કાર્યક્રમમાં હાજર નેતાઓ અને મીડિયામાં હળવી હસી છૂટી. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોતાના સંબોધનમાં ટ્રમ્પે કેમેરા તરફ હસતા કહ્યું કે, ભારત એક મહાન દેશ છે જ્યાં ટોપ પર છે તે મારા એક ખુબ સારા મિત્ર છે અને તેમણે શાનદાર કામ કર્યું છે. મને લાગે છે કે પાકિસ્તાન અને ભારત સાથે મળીને ખુબ સારી રીતે



રહેશે. અત્રે જણાવવાનું કે ટ્રમ્પ કે જેઓ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતાહ અલ સીસી સાથે સંયુક્ત રીતે ગાઝા શાંતિ શિખર સંમેલનની અધ્યક્ષતા કરતા હતા તેમણે પાકિસ્તાનના સૈન્ય નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ક્ષેત્રીય શાંતિ સારા મિત્રોના સારા કામ પર નિર્ભર કરે છે. તેમણે પાછળ ઊભેલા શહબાઝ શરીફ તરફ ઈશારો કરતા મજાકીય અંદાજમાં કહ્યું કે તેઓ તેને સંભવ બનાવવામાં મદદ કરશે, બરાબર ને? અમેરિકી રાષ્ટ્રપતિએ પાકિસ્તાનના પ્રધાનમંત્રીને શિખર સંમેલનને સંબોધન કરવા માટે પણ આમંત્રિત કર્યા. પોતાના ભાષણમાં શહબાઝ શરીફે વળી પાછો એકનો એક રાગ આલાપતા ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ રોકવાનો શ્રેય ટ્રમ્પને આપ્યો. તેમણે કહ્યું કે, જો આ સજ્જન પોતાની અદભૂત ટીપ સાથે તે ચાર દિવસ દરમિયાન હસ્તક્ષેપ ન કરત તો બંને પરમાણુ દેશો વચ્ચે યુદ્ધ એ સ્તર સુધી આગળ વધી શકતું હતું જ્યાં કોઈ પણ એક બતાવવા માટે જીવિત ન રહેત કે શું થયું. આ અગાઉ ટ્રમ્પે એકવાર ફરીથી ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયરની ક્રેડિટ પોતાને આપી દીધી. તેમણે ઈઝરાયેલી સંસદ નેસેટમાં પોતાના ભાષણના સમાપનમાં દાવો કરતા તેને એ આઠ વિવાદમાંથી એક ગણાવ્યું જેને તેમણે ઉકેલ્યા હતા. વાત જાણે એમ છે.

## IPS પૂરનકુમાર આત્મહત્યા કેસમાં મોટો વળાંક આવ્યો

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

હરિયાણાના આઈપીએસ વાય પૂરનકુમારની આત્મહત્યાના મામલે મહત્વનો ઘટનાક્રમ જોવા મળ્યો છે. ડીજીપી શત્રુજીત કપૂરને રજા પર મોકલી દેવાયા છે. જ્યારે રોહતકના એસપી નરેન્દ્ર બિજરાનિયાની અગાઉ બદલી થઈ ચૂકી છે. આ મામલે રાજકારણમાં ગરમાવો આવ્યો છે. પીએમ મોદીની સોનીપતમાં પ્રસ્તાવિત જન વિશ્વાસ-જન વિકાસ રેલી સ્થગિત કરાઈ છે.

બીજી બાજુ વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન પણ વાય પૂરનકુમારના પરિવારને ચંડીગઢમાં મળશે. વાય પૂરનકુમારના આત્મહત્યા કેસમાં તેમની સ્યૂસાઈડ નોટના આધારે ૧૫ અધિકારીઓ વિરુદ્ધ ચંડીગઢમાં એફઆઈઆર નોંધાઈ છે. જેમાં રાજ્યના મુખ્ય સચિવ, ડીજીપી અને રોહતકના એસપી સામેલ છે. આ એફઆઈઆર ઉત્પીડન, સતામણી, અને એસસી એસટી એક્ટ હેઠળ નોંધાઈ છે. આ કાર્યવાહી એ આરોપનો જવાબ છે જે વાય પૂરનકુમારના પરિવારે લગાવ્યા હતા.

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી રામદાસ અઠાવલેએ વાય પૂરનકુમારના પરિવાર સાથે મુલાકાત કરી અને મુખ્યમંત્રી નાયબસિંહ સૈની સાથે પણ ચર્ચા કરી. તેમણે કહ્યું કે તેમનો હેતુ અમનીત પી કુમારને ન્યાય અપાવવાનો છે.

અઠાવલેએ મુખ્યમંત્રીને ડીજીપી અને એસપીને તેમના પદો પરથી હટાવવાની માંગણી કરી. મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ આ મામલે સક્રિયતા દાખવી છે. તેમણે રાજ્યપાલ પ્રો. અસીમકુમાર ઘોષ સાથે વાતચીત કરી છે. આમ છતાં વાય પૂરનકુમારના મૃતદેહનું હજુ પોસ્ટમોર્ટમ થયું નથી.

અમનીત પી કુાર અને તેમના વિધાયક ભાઈ અમિત રતન કોટફત્તા

### દલિત IPS સુસાઈડ કેસમાં રાહુલ ગાંધીની માંગ

# સરકાર તમાશો બંધ કરે અને અધિકારીઓને જેલમાં નાખે

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મંગળવારે ચંદીગઢમાં આત્મહત્યા કરનાર IPS અધિકારી વાય. પૂરન કુમારના પરિવારને મળ્યા હતા. તેમણે આરોપી અધિકારીઓની તુરંત ધરપકડ કરવાની માંગ કરી હતી અને કહ્યું કે આ દલિતોની અસ્મિતાનો મામલો છે. રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, દલિતોને હેરાન કરવા એ ખોટું છે. તેમણે વડાપ્રધાન અને હરિયાણાના સીએમને બંને દીકરીઓ સાથે કરેલા વાયદા પૂરા કરવા અને તમાશો બંધ કરવા અપીલ કરી. તેમજ તેમણે કહ્યું કે, સીએમ નાયબ સૈનીના કાર્યવાહીના ભરોસા છતાં હજુ સુધી કોઈ પગલાં લેવાયા નથી. રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે દોષિતોની ધરપકડ થવી જ જોઈએ. રાહુલ ગાંધીએ આ ઘટનાને માત્ર આત્મહત્યા નહીં, પણ સંવેદનહીન સિસ્ટમની નિષ્ફળતા અને જાતિગત ભેદભાવની પરાકાષ્ઠા ગણાવી. તેમણે કહ્યું કે, જે ઈમાનદાર અધિકારીએ આખી જિંદગી કાયદા અને ન્યાય માટે કામ કર્યું, તેને સિસ્ટમે જ તોડી નાખ્યો. વાય. પૂરન કુમાર જેવા અધિકારીઓને સિસ્ટમની કરોડરજ્જુ ગણાવતા, તેમણે ચેતવણી આપી.

# IPS પૂરણના મોતની તપાસ કરી રહેલા ASI એ પોતાને ગોળી મારી

## મનીષ યુવકોને નોકરી અપાવવા, ચેરમેન બનાવવા અને લોન અપાવવાના નામ પર છેતરતો હતો

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

હરિયાણામાં IPS વાય. પૂરણ કુમારના મૃત્યુનો મામલો હજુ ઠંડો પડ્યો નથી, અને હરિયાણા પોલીસમાં વધુ એક દુઃખદ ઘટના સામે આવી છે. રોહતક સાયબર સેલમાં તૈનાત આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) સંદીપ લાઠરએ પોતાને ગોળી મારી લીધી છે. આ ઘટના લગભગ એક કલાક પહેલા બની હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, ASI સંદીપ લાઠરનો મૃતદેહ રોહતક-પાણીપત રોડ પર મકૌડી ટોલ પ્લાઝા પાસેના ખેતરમાં ટ્યુબવેલમાંથી મળી આવ્યો હતો. સંદીપ લાઠરે પોતાની સર્વિસ રિવોલ્વરથી પોતાને ગોળી મારી લીધી




હતી. માહિતી મળતાં જ NEB પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પોલીસને ઘટનાસ્થળેથી એક નોટ પણ મળી હતી, જેને કબજે લેવામાં આવી છે. સુસાઈડ નોટમાં ASI એ IPS પુરણ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. તેમણે એમ પણ લખ્યું હતું કે, DGP ખૂબ જ પ્રામાણિક હતા. હાલમાં, પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે અને આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે.

પૂરણ કુમારની પત્ની, IAS અધિકારી અમનીત પૂરણ કુમારે ચંદીગઢ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પીડિતાના પરિવારે આરોપી અધિકારીઓનું નામ FIRમાં દાખલ કરીને ધરપકડ કરવાની પણ માંગ કરી છે. જ્યાં સુધી આ ન થાય ત્યાં સુધી, પરિવારે મૃતક IPS અધિકારીનું પોસ્ટમોર્ટમ અને અંતિમ સંસ્કાર કરવાનો ઈનકાર કર્યો છે.

આ દરમિયાન, ચંદીગઢ પોલીસે મૃતક IPS અધિકારીની પત્નીને નોટિસ જાહેર કરી છે અને પૂરણના લેપટોપની માંગણી કરી છે. પોલીસ માને છે કે, આ લેપટોપ તપાસમાં મહત્વપૂર્ણ પુરાવા સાબિત થઈ શકે છે, ખાસ કરીને સુસાઈડ નોટ અને ઈમેઈલ વિગતોની સત્યતા અંગે. પોલીસે કહ્યું છે કે, તેઓ સુસાઈડ નોટની સત્યતા ચકાસવા માટે લેપટોપને સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબ (CFSL) ને મોકલવાનો ઈરાદો ધરાવે છે.

## તંત્રી લેખ...

# હેલ્થ ઈનસ્યોરન્સ ઉતારતી કંપનીઓ સામે વધતી ફરિયાદો

ઈનસ્યોરન્સ ઉતારો અને જીવનભર નિશ્ચિંત રહો એવી જાહેરાતો અને વાત્સવિક સ્થિતિ વચ્ચે લાંબુ અંતર છે. સરકારે પોતે કેટલીક વીમા કંપીઓની નાણા નહીં ચૂકવવા પાછળના ખુલાસા માંગ્યા છે. કંપનીઓની લોકોના સમયસર ક્લેમ આપવાની નીતિ લોકોની નજરમાં આવી ગઈ છે. અહીં મહત્વનું એ છે કે ઈનસ્યોરન્સ કંપની લોકોની સેવા કરવા નથી ઉભી કરાઈ. દરેકની નજર પ્રોફીટ પર હોય છે. પ્રિમિયમ નિયમિત રીતે ઉઘરાવીને તે પૈસા અન્ય ક્ષેત્રમાં રોકીને આ કંપનીઓ મબલક કમાણી કરતી હોય છે.

વીમો ઉતરાવનારે પાંચ સાત વર્ષ જે પ્રિમિયમ ભર્યું હોય તેનાથી વધારે ચૂકવણી કરવાની આવે તો વીમા કંપનીઓ ક્લેમની રકમ નહીં આપવા વિવિધ બહાના બતાવીને ક્લેમ રીજેક્ટ કરવાની ધમકી આપ્યા કરે છે.

ગ્રાહકોને ક્લેમના મળે અને તેને વિવિધ ડોક્યુમેન્ટ માંગીને થકવી નાખવાની ચાલ હવે સરકારની નજરમાં પણ આવી છે. કેશલેસ ક્લેમ એટલેકે હોસ્પિટલમાં દાખલ થાય પછી કોઈ પૈસો ખર્ચવાનો નથી આવતો. દર્દીના ખર્ચની જવાબદારી ઈનસ્યોરન્સ કંપની ઉપાડી લે છે.

આ સિસ્ટમ સારી હતી પરંતુ તેમાં પણ ગોટાળા જણાતાં કેટલીક કંપનીઓની કેશલેસ સિસ્ટમ બંધ કરાઈ હતી. ઈનસ્યોરન્સ કંપનીઓની બદમાશીથી અનેક લોકો ત્રસ્ત છે. તેમના એજન્ટો પોલીસી ઈસ્યુ કરતી વખતે હોસ્પિટલના ખર્ચની તમામ જવાબદારી ઉઠાવી લેવાની બાંહેધરી આપીને પ્રિમિયમ મેળવી લે છે પરંતુ વાયદા પ્રમાણેની સર્વિસ આપી શકતા નથી.

વીમો ઉતરાવનારાને વીમો લીધો ત્યારે અપાયેલા પ્રોમીસને વીમા એજન્ટ પાળી શકતો નથી કેમકે કંપનીના અધિકારીઓ તેમને ગાંઠતા નથી. મોટામાં મોટી અને એશિયામાં નામાંકિત હોસ્પિટલોમાં લીધેલી સારવાર અને તેમના બીલોને શંકાથી જોઈને વીમાની રકમ આપવામાં ગલ્લાં તલ્લાં કંપનીઓ કરતી હોય છે.

આવી વીમા કંપનીઓની કાનપટ્ટી લોકપાલ પકડી શકે છે પરંતુ લોકોમાં જાગૃતિનો અભાવ છે. જેમનો ક્લેમ કેન્સલ કરાયો હોય તે લોકપાલ પાસે જાય તો કેને ત્વરિત ન્યાય મળી શકે છે.કેટલીક કંપનીઓ ગ્રાહકને ધક્કા ખવડાવ્યા પછી વિવિધ બિલોની રકમ કાપીને કોઈ મોટો ઉપકાર કરતા હોય એમ રકમ ચૂકવે છે.

હેલ્થ ઈન્સયોરન્સ ઉતારતી કંપનીઓને ગ્રાહકે ભરેલા પ્રિમિયમથી વધુ નાણા ચૂકવવામાં લગ્ગીરેય રસ નથી હોતો. વિમાની રકમ પૈસા નહીં ચૂકવીને આ લોકો એમ કહેતા હોય છે અમે દર્શાવેલી ક્વેરી-વાંધાઓનું નિરાકરણ ના આવતાં ક્લેમ રીજેક્ટ કરવામાં આવ્યો છે. કંપનીઓ જે વાંધા રજૂ કરે છે તે તમામનું નિરાકરણ લાવ્યા છતાં કંપનીને સંતોષ થતો નથી તેની પાછળનું મુખ્ય કારણ કુલ પ્રિમિયમ કરતાં વધુ રકમ ચૂકવતા કંપનીઓને ચૂંક આવે છે. વીમાં લોકપાલ તેમની કાનપટ્ટી પકડી શકે છે પરંતુ લોકો થાકીને પૈસા જવા દે છે.

હેલ્થ ઈનસ્યોરન્સ ઉતારતી કંપનીઓ સામે ફરિયાદ વધતી જાય છે. વીમો લેતી વખતે પોઝિટીવ વાતો કરતો એજન્ટ પોતે કંપનીનો માલિક હોય એવા પ્રોમીસ આપતો હોય છે પરંતુ જ્યારે પાલીસી હોલ્ડરના વીમાની રકમ અટવાય છે ત્યારે તે જવાબ આપી શકતો નથી એમ કહે છે કે ઉપરી અધિકારીઓ અમારૂં સાંભળતા નથી.

હવે જ્યારે મા કાર્ડ અને આયુષ્યમાન કાર્ડનો ઉપયોગ મધ્યમ વર્ગ કરી રહ્યો છે ત્યારે પણ ઈન્સ્યોરન્સ ઉતારનારાની સંખ્યા વધી રહી છે. કંપનીઓએ ગ્રાહકો પ્રત્યે વફાદારી બતાવીને તેમને ક્લેમ ચૂકવવામાં કોઈ અવળચંડાઈ કરવી ના જોઈએ.

## કર્ણાટકમાં આરએસએસ પર પ્રતિબંધની શક્યતા

કર્ણાટક સરકાર આરએસએસ પર પ્રતિબંધ મૂકવા બાબતે વિચારી રહી છે. કર્ણાટકમાં જો સંઘ પર પ્રતિબંધ મૂકવામાં આવે તો થનારી પ્રતિક્રિયા તેમજ કાયદાકીય બાબતોનો વિચાર પણ સરકાર કરી રહી છે. પ્રિયાંક ખડગેએ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં પ્રતિબંધની માંગણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ પત્ર રાજ્યના ચિફ સેક્રેટરીને મોકલીને હુકમ કર્યો છે કે, આરએસએસની કામગીરીની તપાસ કરવામાં આવે અને પ્રતિબંધ મૂકવા બાબતે વિચાર થાય. આ બધાની વચ્ચે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પુત્ર યતિન્દ્ર સિદ્ધારમૈયાએ આરએસએસની સરખામણી તાલીબાન સાથે કરી છે. યતિન્દ્રનું કહેવું છે કે, આરએસએસની માનસિકતા તાલીબાન જેવી જ છે. સંઘનું માનવું છે કે ભારતમાં એક જ કોમ અને વિચારના લોકો રહી શકશે. સંઘે મહિલાઓની સ્વતંત્રતા પણ નષ્ટ કરી છે. જોકે મુખ્યમંત્રીના પુત્રએ કરેલા આક્ષેપોનો કોઈ જવાબ સંઘ તરફથી આપવામાં આવ્યો નથી.

મિસ્રના શર્મ અલ-શેખમાં ગાઝા શાંતિ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ રાજ્યમંત્રી કિર્તિવર્ધનસિંહએ કર્યું હતું. આ સંમેલનમાં વિદેશ રાજ્ય મંત્રીની હાજરી બાબતે કોંગ્રેસ નેતા શશી થરૂરએ સવાલ કર્યો છે. એમણે પૂછ્યું છે કે શું ભારતની આ નીતિ એની સૂઝબૂઝ દર્શાવે છે કે પછી નરેન્દ્ર મોદી એક મહત્વનો મોકો ચૂકી ગયા છે. આ ઉચ્ચસ્તરીય સંમેલનમાં વિશ્વના મોટા નેતાઓએ ભાગ લીધો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, મિસ્રના રાષ્ટ્રપતિ અબ્દેલ ફટ્ટા અલ-સીસી, સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ભૂતેરેસ તેમજ બ્રિટન, ફ્રાન્સ, જર્મની વગેરે દેશોના રાષ્ટ્રીય અધ્યક્ષો હાજર રહ્યા હતા. થરૂરે સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું છે કે, જ્યારે બાકીના દરેક દેશે પોતાના રાષ્ટ્રપતિ અથવા વડાપ્રધાનને આ સંમેલનમાં મોકલ્યા હોય ત્યારે ભારતે રાજ્ય કક્ષાના મંત્રીને મોકલીને મોટી ભૂલ કરી છે.

દેશના ભાવી ચિફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોય માલ્યા બાગચીની બેન્ચ એક અરજી પર સુનાવણી કરી રહી હતી. મહિલા વકીલો માટે કોર્ટ કમ્પાઉન્ડમાં લિંગ આધારીત ચેમ્બરની વહેંચણીમાં અનામત માટે માંગણી કરવામાં આવી હતી. ભક્તિ પસરીજા તેમજ અન્ય વિરુદ્ધ ભારત સંઘ તેમજ અન્ય કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ સૂર્યકાંતએ કહ્યું હતું કે, દેશના ન્યાયતંત્રમાં હમણા લગભગ ૬૦ ટકા હોદ્દા ઉપર કોઈપણ અનામત વગર મહિલાઓ બેઠી છે. ચેમ્બર વહેંચણીમાં અનામતની શી જરૂર છે? જસ્ટિસ સૂર્યકાંતએ કહ્યું હતું કે, 'ન્યાયતંત્ર સાથે લગભગ ૬૦ ટકા મહિલાઓ અનામત વગર જોડાયેલી હોય એ ગર્વની વાત છે. હવે કોર્ટમાં ચેમ્બર બાબતે અનામત આપવાની વાત મને વિરોધાભાષી લાગે છે. જો આપણે ચેમ્બરો બાબતે અનામતનો ઉપયોગ કરીએ તો એ વખતે યોગ્યતાની ચકાસણી પણ થવી જોઈએ.'

૨૦૦૫માં બિહારની સત્તા સંભાળ્યા પછી પહેલી વખત જેડીયુ બેઠકોની વહેંચણી બાબતે મોટા ભાઈની ભૂમિકામાં નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણી વખતે એનડીએના ગઠબંધનમાં જેડીયુને ૧૧૫ બેઠકો જ્યારે ભાજપને ૧૧૦ બેઠકો મળી હતી. આ વખતે હવે જેડીયુ અને ભાજપ બંને ૧૦૧-૧૦૧ બેઠકો પર ચૂંટણી લડશે. જેડીયુએ મોટા ભાઈનું સ્ટેટસ ગુમાવ્યું હોવાથી જેડીયુના કાર્યકર્તાઓ ખૂબ નારાજ છે. કેટલાક કાર્યકર્તાઓ કહી રહ્યા છે કે, ભાજપ સમક્ષ ઝુકી જવાથી હવે જેડીયુ બચી શકશે કે નહીં એ સવાલ છે. ચૂંટણી પછી જેડીયુની પરિસ્થિતિ કેવી હશે એ વીશે પણ ચિંતા થઈ રહી છે. જેડીયુના સર્વેસર્વા નિતિશકુમાર છે અને એમની તબિયત પણ સારી રહેતી નથી. કાર્યકર્તાઓ પૂછી રહ્યા છે કે, ચિરાગ પાસવાનએ આટલી બધી બેઠકો કઈ રીતે મેળવી?

ભૃગુપતિ એ ઘણા બીન અપરાધી રાજાઓની હિંસા કરી, કેમ કે 21 વાર પૃથ્વી નક્ષત્રિય કરી એમાં દોષી નિર્દોષી બધા જ આવી ગયા હશે

# બિન અપરાધી પર અપરાધનો આરોપ લગાડવો એ સૌથી મોટો અપરાધ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભૃગુપતિ એ ઘણા બીન અપરાધી રાજાઓની હિંસા કરી, કેમ કે 21 વાર પૃથ્વી નક્ષત્રિય કરી એમાં દોષી નિર્દોષી બધા જ આવી ગયા હશે, સામૂહિક સંહાર! સાધુ રાજાઓ પણ ઘણા માર્યા ગયા હશે! તે કહે છે હું આવો યજ્ઞ કરું છું, એમાં મેં ઘણી આહુતિઓ આપી છે, બધાને ખતમ કરી દીધા! જ્યારે રામે દિન અપરાધીઓને બચાવી લીધાં, એટલા માટે ભગવાન રામની ક્ષમા માંગીને એમને તપ કરવાં માટે નીકળવું પડ્યું**

માનસ અપરાધની નવમાં દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ ગઈકાલના અનુસંધાને, હું એ ભાઈ બહેનોને મળવા જઈશ તો પુછ્યુ છે કે શુ આ પ્રયાસ સરાહનીય છે? શું એ લોકો સુધરશે? મારું ક્ષેત્ર સુધારવાનું છે નહીં! ગૂંચવાયેલી સમસ્યાને સુલઝાવવા ગયા એ ખુદ ગૂંચવાઈ ગયાં છે. મારા રામે સૌને સ્વીકાર્યા છે, અહલ્યાને સ્વીકારી, કેવટોને સ્વીકાર્યા, શબરીને સ્વીકારી, રીંછ વાનર ભાલૂઓને સ્વીકાર્યા, પતિતો,પીડિતોને સ્વીકાર્યા, વૃક્ષ, જળાશય, સાગર,પત્થરને સ્વીકાર્યા, આ શાસ્ત્ર સ્વીકારનું છે.

થોડા પ્રશ્નોની વાત કરી આગળ વધું, રામનામને મંત્ર અને નામ બંનેની ઉપાધિ આપવામાં આવી છે, અને મંત્ર ગુરુ વિના ફલિત નથી થતો! તો શું રામનામ કે મંત્ર માટે દિક્ષા અનિવાર્ય છે? અને દીક્ષા લીધા વિના શું રામ નામ જપવાથી પ્રભાવ પડે છે? મંત્ર કોઈ ગુરુ પાસેથી લેવામાં આવે એવી એક પરંપરા છે, પરંતુ આજે સવાલ છે ગુરુ મળે કે ના મળે! અથવા મળે તો પણ આપણે એને ઓળખી શકીએ, કે કેમ યોગ્ય પાત્ર છે કે નહીં? એ બધું વધારે મુશ્કેલ છે. રામ નામ પણ છે અને મંત્ર પણ છે, એને માટે કોઈ પાસે દીક્ષિત હોવું પડે, એ અનુસાર રામચરિત માનસ સ્વયંમ સદગુરુ છે, અને એ સદગ્રંથ પાસેથી દીક્ષા લઈને આપણે રામનામ જપવાની શરૂઆત કરીએ, તો એ જરૂર ફળદાયી સાબિત થાય છે.

મુખ્ય વિષય પર આગળ વધતા કહ્યું ભરતની ચિત્રકૂટની યાત્રા વખતે ભરતનો પ્રેમ જોઈને દેવરાજ ઈન્દ્ર ચિંતિત થઈ જાય છે, અને એ દેવગુરુ બ્રહસ્પતિને ભરત મેળાપ થાય નહીં, એ માટે કંઈક યોજના બનાવવાનું કહે છે. ત્યારે બૃહસ્પતિ કહે છે કે રામનો સ્વભાવ છે કે, પોતાનો કોઈ અપરાધ કરે તો



દુઃખી થતાં નથી, પરંતુ એમનાં ભક્તનો કોઈ અપરાધ કરે તો, એ રોષાગ્નિમાં બળીને ભસ્મ થઈ જાય છે.

જાઈ જોગ જગ છેમ વિનુ તુલસી કે હિત રાખિ,

બિનુ અપરાધ ભૃગુપતિ નહુષ બેનુ બૃકાસૂર સાખિ.

દોહાવલી રામાયણમાં તુલસી કહે છે, એ મુલાકાત શું કામની? જે આપનું વર્ણન ન કરે, આપણું પોષણ ન કરે, સંસ્કૃતમાં જેને આપણે યોગક્ષમ કહીએ છીએ. યોગ એટલે મળવું, ક્ષેમ એટલે વૃદ્ધિ થાય, પોષણ થાય, સુરક્ષા થાય, તુલસી દોહાવલી રામાયણમાં કહે છે એ મુલાકાતનો કોઈ અર્થ નથી, જેમાં પ્રેમ ગતિ ન કરે જે આગળ ન વધે જેની સુરક્ષા ન થાય જે ફલિત ન થાય એ યોગનો શું અર્થ? ચાર લોકો સાક્ષી છે જે બીન અપરાધીને મુશ્કેલીમાં મૂકવા ગયા તો ભગવાન જૂને પ્રેમ કરતા હતાં, જેના યોગક્ષેમની રક્ષા કરતા હતાં, એ ચારેયની બદનામી થઈ. ગોસ્વામીજી કહે છે કે ભૃગુપત્તિ નહુષ વેણુરાજ અને બકાસુર એના દ્રષ્ટાંત છે. સૌથી મોટો અપરાધ આજે હું કહીને જાઉં. બીન અપરાધી પર અપરાધનો આરોપ લગાવવો, બસ એટલી ગાંઠ બાંધીને જાવ,કે આવું ક્યારેય ન થાય. જતા જતા હું ડરાવવા નથી માંગતો, મારી પૂરી કોશિશ રહી છે કે, તમે સ્વસ્થ રહો, પરંતુ બિન અપરાધી પર અપરાધનો આરોપ લગાવવા જેઓ બીજો કોઈ મોટો અપરાધ નથી! એમની રક્ષા તો રઘુપતિ જેમનું હિત ઈચ્છતા હોય એ જ કરી શકે છે. પરમાત્મા પ્યાર કરે છે, પરમાત્મા જેને સુરક્ષા આપે છે, એવા બીન અપરાધી પર અપરાધનો આરોપ લગાવવો, એ સૌથી મોટો અપરાધ છે, અને દોહાવલી રામાયણમાં તુલસી આ ચાર લોકોનું દ્રષ્ટાંત આપે છે.

ભૃગુપતિ એ ઘણા બીન અપરાધી રાજાઓની હિંસા કરી, કેમ કે 21 વાર પૃથ્વી નક્ષત્રિય કરી એમાં દોષી નિર્દોષી બધા જ આવી ગયા હશે, સામૂહિક સંહાર! સાધુ રાજાઓ પણ ઘણા માર્યા ગયા હશે! તે કહે છે હું આવો યજ્ઞ કરું છું, એમાં મેં ઘણી આહુતિઓ આપી છે, બધાને ખતમ કરી દીધા! જ્યારે રામે દિન અપરાધીઓને બચાવી લીધાં, એટલા માટે ભગવાન રામની ક્ષમા માંગીને એમને તપ કરવાં માટે નીકળવું પડ્યું.

નહુષને ઈન્દ્રપદ મળ્યું, યજ્ઞ કરે છે તો ઈન્દ્રની ગાદી મળ્યા પછી, એ બ્રાહ્મણોને અને ઋષિમુનિઓને કહે છે મારી પાલકીનું વહન કરો. ઋષિમુનિઓ પાસે પાલખી ઉપાડવી અને એનું સ્વર્ગથી પતન થયું, વેણુ રાજાએ પણ એવું કામ કર્યું, તો મારા ભાઈ બહેનો આપણે એટલું જ સમજીએ બિન અપરાધી પર અપરાધનો આરોપના લગાવીએ. રાવણના અપરાધની વાત કરી.

કહ દસકંધર કવન કે બંદર,

મૈં રઘુવીર દૂત દસકંધર.

અંગત જ્યારે રાજદૂત બની લંકાની સભામાં જાય છે ત્યારે અંગદનો વિનાય અકબંધ છે, પરંતુ રાવણ વિવેક ચૂકી ગયો. રાવણે એનો પ્રભાવ જોયો, કે આટલા રાક્ષસોની વચ્ચે નિર્ભિકતાથી આવ્યો છે. અંગદને જોઈને આખી સભા ઉભી થઇ, એક રાવણ ઉભો ન થયો, અને કહ્યું, તું ક્યાંનો વાનર છે? દૂતને વાનર કહેવું એ વિવેકની વાત નથી. અંગદ એ અડધી પંક્તિમાં જવાબ આપી દીધો,કે મૈં રઘુવીર દૂત દસકંધર.

હું વાનર છું તો શું થયું! વાનરને તો એક મુખ હોય, તારે તો દસ છે, તું તો જરાય સુંદર નથી! આગળ અંગદ કહે છે તારું ઉત્તમ કુળ છે, તારો પુલીસ્ત સાથે નાતો છે, સાંભળ્યું છે તે શંકરને ખૂબ ભજ્યા છે, તે બ્રહ્મા શિવ પાસેથી મોટા મોટા વરદાનો પ્રાપ્ત કર્યા છે, તે ઘણું સારું પણ કર્યું છે, પણ તે શું નથી કર્યું એ હવે સાંભળ!

નૃપ અભિમાન મોહ બસ કિંબા,

હરિ આનિહ સીતા જગદંબા.

તુલસી કહે છે મોહને કારણે અપરાધ થાય છે, અને બીજું અભિમાનને કારણે પણ અપરાધ થાય છે. તારો જાનકી પ્રત્યે મોહ હતો, અને એ કોણ છે? એ જાણ્યું નહીં, અને તેમાં સીતાનું અપહરણ કર્યું! તું પૂજક છે, સાધક છે, પરંતુ તે મોહ અને અભિમાનને વશ થવાને કારણે સીતા કે જે જગદંબા છે એનું અપહરણ કર્યું.

અબ સુભ કહા સુનહુ તુમ્હ મોરા,

સબ અપરાધ છમિહિ પ્રભુ તોરા.

હે રાવણ હવે મારી શુભકથા અને કલ્યાણકારી કથા સાંભળ, ભગવાન તારા બધા અપરાધો માફ કરી દેશે! જાણે કે તુલસી આપણને કહે છે તારાથી ભલે ગમે એટલા પણ અપરાધ થઈ ગયા હોય, મારા શ્રોતા પરંતુ રામની કથા સાંભળ તારા બધા અપરાધોરામ માફ કરી દેશે! પણ અંગદને લાગ્યું કે આ માણસ સાંભળે એવો નથી. અવિવેકી છે, મને વાનર કહીને બોલાવે છે, તો અંગદને થયું, રાજનીતિમાં તો જેવી બોલી હોય એવી બોલી બોલવામાં આવે એ રાજદૂત છે.

દસન ગહુહ તૃન કંઠ કુઠારી.

ભગવાન તારા બધા અપરાધ માફ કરી દેશે, પણ તારે તારા દાંતમાં તણખલું લઈ, અને કંઠ પર કુહાડી રાખ, રાવણને આવું કહેવું એટલે! રાવણના દસ મુખ છે, રાવણે રામનાં દસ અપરાધ કર્યા છે. વીસ હાથમાંથી એક હાથમાં કુહાડી લઈને તારી ગરદન પર રાખ! પરંતુ શા માટે! અંગદના કહેવાનો મતલબ છે, કે તારો નાશ તું સ્વયં કરવા જઈ રહ્યો છે, પણ તારા કુટુંબ કબીલા બધાને સાથે લઈને રામના શરણે આવ અને શ્રદ્ધાથી આદર સાથે મારી મા જાનકીને આગળ કર, એ રીતે તું ભગવાનને શરણે જા તારી આંતરવાણી સાંભળીને મારા રાઘવ તને માફ કરી દેશે, તને ક્ષમા આપી દેશે. આ અપરાધનો આખરી ચરણ હતું, ત્યારબાદ આપણે જાણીએ છીએ કે મંત્રણા નિષ્ફળ ગઈ, યુદ્ધ અનિવાર્ય થયું. લંકા ના મેદાનમાં ભયંકર યુદ્ધ થયું, ભગવાને કુંભકરણ, ઈન્દ્રજીત સહિત બધા રાક્ષસને નિર્વાણ પદ આપ્યું. ત્રીસમા બાણે દસ મસ્તક અને વીસ ભૂજા, એકત્રીસમા બાણે નાભિમાં! રામ ક્યાં છે એવું રાવણ જીવનમાં પહેલીવાર બોલ્યો, રાવણના ચહેરાનું તેજ ભગવાનના શરીરમાં સમાઈ ગયું, અને રાવણનું નિર્માણ થયું! અને ત્યારબાદ કથાના ક્રમમાં કથાને ચારે ઘાટ પરથી વક્તાઓએ સમાપ્ત કરી, ત્યાં સુધીની કથા કહી કથાને વિરામ આપ્યો.

દરેક કાર્યમાં ઈશ્વરનું અનુસંધાન રાખવું

# મનુષ્યના જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઇએ.જે જીવન માં એક ધ્યેય નથી તે જીવન નાવિક વગરની નૌકા જેવું છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)


**પાણી સૂકાઈ ગયા પછી કાચલી અને કોપરું જુદાં પડી જાય છે. સંસાર કાચલી છે, જીવ કોપરું છે. સંસારના રસ જ્યાં સુધી મીઠા લાગે છે. ત્યાં સુધી કોઈ જીવ સંસારથી જુદો પડતો નથી, પણ જેના સંસારનો રસ સૂકાઈ જાય એ જ સંસાર રૂપી કાચલીથી જુદો પડી જાય છે જ્ઞાની પરમહંસ અને ભાગવત પરમહંસ બે પ્રકારના છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો ભાગવતએ પરમહંસ સંહિતા છે. હંસની ખાસિયત છે કે,દૂધ દૂધ પી જવું ને પાણી પાણી રહેવા દેવું એમ પરમહંસો પણ જડ અને ચેતનને જુદાં પાડીને જડથી અલિપ્ત થઈને ચેતનમાં સ્થિર થાય છે. નાળિયેરમાં પાણી હોય છે ત્યાં સુધી કોપરું કાચલીને વળગી રહે છે, પણ પાણી સૂકાઈ ગયા પછી કાચલી અને કોપરું જુદાં પડી જાય છે. સંસાર કાચલી છે, જીવ કોપરું છે. સંસારના રસ જ્યાં સુધી મીઠા લાગે છે. ત્યાં સુધી કોઈ જીવ સંસારથી જુદો પડતો નથી, પણ જેના સંસારનો રસ સૂકાઈ જાય એ જ સંસાર રૂપી કાચલીથી જુદો પડી જાય છે જ્ઞાની પરમહંસ અને ભાગવત પરમહંસ બે પ્રકારના છે.ઋષભ દેવજીએ જ્ઞાની પરમ હંસનો અને ભરતજીએ ભાગવત પરમહંસનો આદર્શ રજૂ કર્યો છે તે આપણે જોઈ ગયા. છઠ્ઠા સ્કંધમાં આપણ ને શુકદેવજી ધ્યાન, અર્ચન અને નામનો મહિમા સમજાવે છે.

શુકદેવજી કહે છે કે,રાજન!એક એક પાપનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં બતાવેલું છે.જો તે વિધિપૂર્વક કરવામાં આવે, તો પાપનો નાશ થાય છે,પણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી ફરીથી પાપ ન થવું જોઈએ. નહીં તર પ્રાયશ્ચિત્ત કરવાનો અર્થ નથી.

ત્યારે રાજા પૂછે છે કે, પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પાપ કરવાની ઈચ્છા થાય છે.પ્રાયશ્ચિત્તથી પાપનો નાશ થાય છે,પણ પાપની વાસનાનો નાશ થતો નથી. તો એ વાસના કેમ જાય તે કહો! એવો ઉપાય બતાવો કે, પાપ કરવાની વાસના જ ન રહે.

શુકદેવજી સાવવાન કરે છે,રાજન મન ઉપર જરાય વિશ્વાસ નરાખો એક વાર મનને છૂટ આપશો,તો ફરીથી પાપ કરવા તૈયાર થશે. પાપ વાસના અજ્ઞાનમાંથી જાગેછે અને અજ્ઞાનનું મૂળ અહંકાર છે. શ્રીકૃષ્ણ




ભગવાનને જે પ્રાણ અર્પણ કરે છે, તેને પાપ કરવાની ઈચ્છા થતી નથી.તેનો અહંકાર જાય છે. તપ, બ્રહ્મચર્ય, શમ,દમ, મનની સ્થિરતા, દાન, સત્ય, શૌચ અને યમ,નિયમ વડે પાપની વાસના ઓનો નાશ થાય છે. પરંતુ હે પરીક્ષિત,પાપી પુરુષની જેવી શુદ્ધિ ભગવાનને આત્મસમર્પણ કરવાની અને એના ભક્તોનીસેવા કરવાથી થાય છે.તેવી શુદ્ધિ તપ શ્ચર્યા આદિ દ્વારા થતી નથી. પાપીમનુષ્ય ભક્તિથી જેવોપવિત્ર થાય છે તેવો શમ,દમ,તપ વગેરેથી પણ થતો નથી.

પરી જોડેલા મુકવાની જરૂર છે.

જોશ માથે.રાજુ થોડા મહિના પહેલા અમદાવાદના એક સીધી રસ્નાપુષન,હે રાજા! તારા પ્રાણ ભગવાનને અર્પણ કર એટલે પાપની વાસના જશે. ભગવાન નારાયણને જે પોતાના પ્રાણ અર્પણ કરે છે, પ્રતિ શ્વાસે નારાયણના મંત્રનો જપ કરે છે, તેને પછી પાપ અડશે નહીં. શ્રી કૃષ્ણને પોતાના પ્રાણ અર્પણ કરે તેને પાપ કરવાની ઈચ્છા જ થતી નથી.પ્રાણ અર્પણ કરવા એટલે પ્રાણે પ્રાણે, શ્વાસે શ્વાસે ઈશ્વરના નામનો જપ કરવો. દરેક કાર્યમાં ઈશ્વરનું અનુસંધાન રાખવું. શ્વાસે શ્વાસે ભાગવતસ્મરણ રાખે તે મનુષ્ય પાપ કરી શકતો નથી. પાપમાં તેની પ્રવૃત્તિ નહીં થાય. પાપની સામેના આ યુદ્ધમાં ભગવાનનું શરણું લેવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. પહેલાં ભગવાનનું સ્મરણ, પછી સંસારના કાર્યો. પરમાત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી વાસનાનો વિનાશ થતો નથી. વાસના અજ્ઞાનમાંથી જન્મે છે. ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય અને જગત કેવું છે તે સમજાય, તો વાસનાનો વિનાશ થાય. ઈશ્વર આનંદરૂપ છે અને સંસાર દુઃખરૂપ છે,તેવો અનુભવ થયા પછી વાસનાનો વિનાશ થાય છે.એ જ્ઞાનને સતત ટકાવી રાખવા પ્રાણને શ્રીકૃષ્ણા ર્પણ કરો. અજ્ઞાનનો નાશ ન થાય ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી. વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી પાપ અટકતું નથી.

જ્ઞાની કેવળ ઈન્દ્રિયોને વિષયમાં જતી રોકવાનો પ્રયત્ન કરે છે, પણ તેથી વાસનાનો વિનાશ થતો નથી. ઈન્દ્રિયોને રોકવાથી નહીં પરંતુ પ્રભુ પ્રત્યે વાળવાથી વાસનાનો વિનાશ થાય છે. એક- એક ઈન્દ્રિયને પરમાત્મા તરફ વાળો તો જ વાસનાનો નાશ થશે. મનને પવિત્ર કરવું હોય તો આંખ ને ભાગવતસ્વરૂપમાં સ્થિર કરો. છઠ્ઠા સ્કંધમાં ત્રણ પ્રકરણો છેઃ ૧. ધ્યાન પ્રકરણ:તેના ચૌદ અધ્યાયો છે.ચૌદ અધ્યાયોનો અર્થ છે પાંચ કર્મેન્દ્રિય,મન,બુદ્ધિ,ચિત્ત,અહંકાર આ ચૌદને પરમાત્મામાં પરોવી રાખે તો ધ્યાન સિદ્ધ થાય છે. ૨.અર્ચન પ્રકરણ : બે અધ્યાયમાં સ્થૂલ અર્ચન અને સૂક્ષ્મ અર્ચનનું વર્ણન કર્યું છે૩. નામ પ્રકરણ:બે અધ્યાયોમાં ગુણ સંકીર્તન નામ સંકીર્તનનું વર્ણન કર્યું છે.

પરમાત્માના મંગલમય નામનો જપ કરો.જ્ઞાનમાર્ગી હોય કે ભક્તિમાર્ગી હોય તો પણ ઈશ્વરનું ધ્યાન કર્યા વગર ચાલતું નથી. એકમાં મન સ્થિર થાય તો મનની શક્તિ વધે છે.એ માટે ત્રણસાધન ધ્યાન,અર્ચન અને નામ જપ બતાવ્યાં છે.આ ત્રણ સાધનો કરે તેના પાપનો નાશ થાય અને તે કોઈ દિવસ નરકમાં ન જાય.

પ્રભુના મંગલમય સ્વરૂપનું ધ્યાન જપ કરવાની આદત પાડો અને નિયમિત સેવા કરો. નરકમાં જવું ન પડે તે માટે ત્રણ સાધનો કરો. રોજ ઠાકોરજીની સેવા કરો. નામ જપ કરો અને ધ્યાન કરો.આ ત્રણ સાધન તમારાથી ન થાય તો એક સાધનમાં દૃઢનિષ્ઠા રાખો.

વાસનાનો વિનાશ ઈન્દ્રિયોને ભક્તિરસમાં તરબોળ ન કરો ત્યાં સુધી થતો નથી.ભક્તિ દ્વારા જીવ ભગવાન પાસે જાય છે.યમુના મહારાણી ભક્તિસ્વરૂપ છે.જીવ નો ઈશ્વર સાથે સંબંધ જોડી આપે છે.ભક્તિ દ્વારા જીવનો બ્રહ્મસંબંધ થાય છે. ધ્યાન, અર્ચન અને નામસ્મરણ આ ત્રણ સાધન થી ભક્તિ દૃઢ થાય છે.દાનથી,વ્રત થી દ્રવ્યશુદ્ધિ થશે પણ મનની શુદ્ધિ થતી નથી, તે તો ધ્યાનથી જ થશે.

દાન કરવાથી પણ ભગવાન મળતા નથી.દાનનું ફળ છે લક્ષ્મી. ગીતાજીમાં ભગવાન કહે છે કે,ન વેદોથી, ન તપથી, ન દાનથી અને ન તો યજ્ઞથી મારી પ્રાપ્તિ થાય છે

મનશુદ્ધિ પરમાત્માના ધ્યાનથી થાય છે,તેથી રોજ ધ્યાન કરવાની જરૂર છે.ધ્યાનમાં એકાગ્રતા ન થાય તો નામ સ્મરણની જરૂર છે.

આ ત્રણ ન થાય તો કાંઈ નહીં પણ આમાંના એકને પકડી રાખો. સાધન વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી

મનુષ્યના જીવનમાં લક્ષ્ય નક્કી કરવું જોઈએ. જે જીવનમાં એક ધ્યેય નથી તે જીવન નાવિક વગર ની નૌકા જેવું છે. ધ્યેય નક્કી કરી તે ધ્યેથ સિદ્ધ કરવા સાધન કરો. આ કળિકાળમાં કાંઈ થઈ શકતું નથી, તેથી નામસ્મરણનો આશરો લેવો. કળિકાળમાં નામ સેવાપ્રધાન બતાવી છે. કળિયુગમાં સ્વરૂપ સેવા જલદીથી ફળતી નથી. સ્વરૂપસેવા ઉત્તમ પણ છે પણ તેમાં પવિત્રતાની જરૂર છે. એવી પવિત્રતા કલિનો માણસ રાખી શકતો નથી, તેથી નામસેવા મોટી કહી છે. પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી,ત્યાં સુધી નામનો આશ્રય રાખે એને એક દિવસ સાક્ષાત્કાર જરૂર થાય છે.

સીતાજી ધ્યાન સાથે નામસ્મરણ એવી રીતે કરે છે કે, વૃક્ષનાં પાંદડે પાંદડામાંથી રામનામનો ધ્વનિ નીકળે છે. પરમાત્માના નામમાં આવી નિષ્ઠા થવી કઠણ છે. નામસ્મરણ કરતાં અટકી પડે છે. પાપ જીભને પકડી રાખ છે. નામસ્મરણ અતિશય સુલભ છે છતાં થતું નથી.સતત પરમાત્મા ના નામનો જપ કરવાની ટેવ પાડશો તો મૃત્યુ સુધરશે નામ નિષ્ઠા થાય તો નાની ઈશ્વરનું સ્મરણ થતાં મૃત્યુ સુધરે છે કલિકાલમાં નામનિષ્ઠા વગર બીજો કોઈ ઉપાય નથી.

### મારું વશીકરણ કરાયું : અમૃતા

# ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કાળો જાદુ થાય છેઃ અમૃતા રાવનો દાવો



બોલિવૂડમાં 'કાળા જાદુ'ના કિસ્સાઓ સાંભળવા મળે છે, જેના પર મોટાભાગના કલાકારો વિશ્વાસ કરતા નથી. પરંતુ, હિન્દી સિનેમાની અભિનેત્રી અમૃતા રાવે તાજેતરમાં જણાવ્યું કે તે પોતે પણ આ વાતોમાં માનતી નહોતી, છતાં જ્યારે તેની સાથે બ્લેક મેજિક જેવી ઘટનાઓ બની, ત્યારે તેને ખૂબ આશ્ચર્ય થયું. ફિલ્મ 'વિવાહ', 'મેં હૂં ના' જેવી ફિલ્મોથી જાણીતી અમૃતા હાલમાં સ્ક્રીનથી દૂર છે.તાજેતરમાં જ અમૃતા રાવે રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટમાં કાળા જાદુ વિશે વાત કરી. આ દરમિયાન અભિનેત્રીને બ્લેક મેજિક વિશે સવાલ કરવામાં આવ્યો. અભિનેત્રીએ કહ્યું કે તમે આવા સવાલો કેમ પૂછો છો? આના પર રણવીરે કહ્યું કે સરળ અને સાફ દિલના લોકો ડાર્ક સાઈડથી પ્રભાવિત થાય છે.અમૃતાએ પછી પોતાની વાત સંભળાવી અને કહ્યું કે, 'જ્યારે એક સમયે હું મારા ગુરુ પાસે આશીર્વાદ લેવા પહોંચી હતી, ત્યારે મને આ વિશે ખબર પડી. તેમને મળ્યાના એકાદ-બે દિવસ પછી જ ગુરુએ મારા મમ્મીને કહ્યું કે તેમની દીકરી પર 'વશીકરણ' કરવામાં આવ્યું છે. આનાથી હું પોતે પણ આશ્ચર્યમાં પડી ગઈ હતી.'અમૃતા રાવે જણાવ્યું કે, 'હું પોતે આવી વાતોમાં માનતી નહોતી, પરંતુ મારા ગુરુએ કહ્યું હોવાથી મેં વિશ્વાસ કર્યો.' અમૃતાએ સ્પષ્ટતા કરી કે, 'જો કોઈ બીજાએ આ વાત કહી હોત તો કદાચ હું વિશ્વાસ ન કરી શકતી. મારા મતે, મારા ગુરુ સાચા છે અને તેમણે મને માત્ર સત્ય જ કહ્યું હતું.' તેમની વાત સાંભળ્યા પછી અમૃતાને પણ લાગ્યું કે કદાચ આવું થયું હશે, કારણ કે તેણે બીજા લોકો સાથે પણ આ બધું થતું સાંભળ્યું હતું.અભિનેત્રીએ કહ્યું કે, 'કદાચ કાળો જાદુ નહોતો થયો, પરંતુ કેટલીક નેગેટિવ વસ્તુઓ તમારી સાથે થાય છે.' પોતાની જિંદગીનો એક કિસ્સો શેર કરતાં અભિનેત્રીએ કહ્યું કે, 'મારી લાઈફમાં એક એવો વળાંક આવ્યો હતો કે મેં એક સાથે ત્રણ મોટી ફિલ્મો સાઈન કરી હતી અને ત્રણેય મોટા બેનરની ફિલ્મો હતી.

### દરેક વ્યક્તિ પૈસાને મહત્વના સમજે છે : અક્ષય

# અક્ષય પુત્રી નિતારાને પૈસાનું નહી, જીવનમાં શાંતિનું મહત્વ સમજાવશે

**બોલીવુડનો ખિલાડી અક્ષય કુમાર હાલમાં પોતાના નવા શો, "પિચ ટુ ગેટ રિચ" માટે સમાચારમાં છે**

બોલીવુડ અભિનેતા અક્ષય કુમારે તાજેતરમાં પોતાની પુત્રી નિતારાને પૈસાનું મહત્વ સમજાવવા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ હંમેશા પૈસા કરતાં માનસિક શાંતિને પ્રાથમિકતા આપશે. અભિનેતાના મતે, દરેક વ્યક્તિ પૈસાને મહત્વના સમજે છે પરંતુ પોતાના માટે શાંતિ વધુ મહત્વની છે.બોલીવુડનો ખિલાડી અક્ષય કુમાર હાલમાં પોતાના નવા શો, "પિચ ટુ ગેટ રિચ" માટે સમાચારમાં છે. આ રિયાલિટી શ્રેણી ફેશન અને ઉદ્યોગસાહસિકતાની દુનિયામાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે. દેશભરના ચૌદ ફેશન સ્થાપકો તેમની બ્રાન્ડ્સ માટે ભંડોળ, માર્ગદર્શન અને વૃદ્ધિની તકો માટે સ્પર્ધા કરી રહ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે, આ શોમાં ૩૦ કરોડના રોકાણનો સમૂહ છે, જેમાં અક્ષય કુમાર જજ તરીકે પણ સામેલ છે. તાજેતરમાં, શો સાથે સંકળાયેલા બધા લોકો સાથે એક પ્રેસ કોન્ફરન્સ



યોજાઈ હતી, જ્યાં અભિનેતાએ પૈસાના મહત્વ વિશે વાત કરી હતી. જ્યારે અક્ષય કુમારને પૂછવામાં આવ્યું કે તે તેની પુત્રી નિતારાને પૈસાનું મહત્વ કેવી રીતે સમજાવશે, ત્યારે અભિનેતાએ હસીને કહ્યું, "મને નથી લાગતું કે મારે તેને કંઈ શીખવવાની જરૂર છે. દરેક વ્યક્તિ પોતાના મનમાં પૈસા અને તેનું મૂલ્ય સમજે છે. આપણે બધા પૈસા કમાવવા માટે અહીં છીએ. મનની શાંતિ જરૂરી છેઅક્ષયે આગળ કહ્યું, "બધા પૈસાનું મહત્વ જાણે છે, પરંતુ મનની શાંતિ પૈસા કરતાં પણ વધુ મહત્વપૂર્ણ છે. હું હંમેશા પૈસા કરતાં શાંતિને પ્રાથમિકતા આપું છું. હા, હું સખત મહેનત કરું છું અને પૈસા કમાઉ છું, પરંતુ જો મને ક્યારેય બેમાંથી એક પસંદ કરવી પડે, તો હું હંમેશા મનની શાંતિ પસંદ કરીશ."પિચ ટુ ગેટ રિચ" શોના જજ પેનલમાં અક્ષય કુમાર સાથે કરણ જોહર, મનીષ મલ્હોત્રા અને મલાઈકા અરોરા જેવા સ્ટાર્સ જોડાઈ રહ્યા છે.

## સાઉથની બ્લોકબસ્ટર ફિલ્મના હિન્દી રિમેકમાં અક્ષય કુમાર કામ કરશે

બોલીવુડ અભિનેતા અક્ષય કુમાર આગામી દિવસોમાં ઘણી શાનદાર ફિલ્મોમાં જોવા મળવાના છે. તેમની પાસે ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો છે, જેમાં ભૂત બાંગ્લા, હૈવાન




અને હેરા ફેરી ૩નો સમાવેશ થાય છે. હવે, તેમની યાદીમાં વધુ એક મોટો પ્રોજેક્ટ ઉમેરાયો છે. અહેવાલો સૂચવે છે કે અક્ષય કુમાર દક્ષિણ અભિનેતા વેંકટેશની તેલુગુ ફિલ્મની હિન્દી રિમેકમાં કામ કરી શકે છે. ફિલ્મ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે અક્ષય કુમાર આ બ્લોકબસ્ટર ફિલ્મની હિન્દી રિમેકમાં કામ કરશે.દક્ષિણ અભિનેતા વેંકટેશ અભિનીત સંક્રાંતિકી વસ્ત્રમ આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી. આ એક્શન કોમેડી ફિલ્મને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. તેણે કમાણીની દ્રષ્ટિએ પણ ઘણા રેકોર્ડ બનાવ્યા. હવે, ફિલ્મની હિન્દી રિમેકના અહેવાલો છે. અહેવાલો અનુસાર, અક્ષય કુમાર હિન્દી વર્ઝનમાં અભિનેતા વેંકટેશની ભૂમિકા ભજવશે.અહેવાલમાં જણાવાયું છે કે જ્યારે અક્ષય કુમાર ફિલ્મ સંક્રાંતિકી વસ્ત્રમ જોઈ, ત્યારે તે ખૂબ પ્રભાવિત થયા અને તેને હિન્દી રિમેકમાં બનાવવાનું પણ નક્કી કર્યું. સંક્રાંતિકી વસ્ત્રમના નિર્માતા દિલ રાજુ હિન્દી વર્ઝનનું નિર્માણ કરવા માટે તૈયાર છે. ફિલ્મની મુખ્ય અભિનેત્રી માટે કાસ્ટિંગ ચાલી રહ્યું છે. અહેવાલો એમ પણ જણાવે છે કે શરૂઆતમાં શૂટિંગ શરૂ થવાનું હતું, પરંતુ અક્ષય કુમારની અન્ય પ્રોજેક્ટ્સ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે ફિલ્મ વિલંબિત થઈ છે.સંક્રાન્તિકી વસ્ત્રમ એક ટેક કંપનીના સીઈઓ પર કેન્દ્રિત છે જે ભારતની મુલાકાત લે છે અને બિજ્જુ પાંડે ગેંગ દ્વારા તેનું અપહરણ કરવામાં આવે છે. પોલીસ અધિકારીની ભૂમિકા ભજવતો વેંકટેશ કેસ ઉકેલે છે.

### સુરીલા અવાજની માલકિન

# રાનુ મંડલ અત્યંત ગરીબીમાં દિવસો કાઢવા મજબુર બની

**૨૦૨૦ માં રિલીઝ થયેલી હિમેશ રેશમિયાની ફિલ્મ "હેપ્પી હાર્ડી એન્ડ હીર" માં પણ રાનુએ એક ગીત ગાયું હતું**

તમને રાનુ મંડલ યાદ છે? રેલ્વે સ્ટેશન પર લતા મંગેશકરનું ગીત ગાયા બાદ તે રાતોરાત વાયરલ થઈ ગઈ. દેશભરના લોકો તેને મળવા અને તેનો અવાજ રેકોર્ડ કરવા માટે ઉમટી પડ્યા. બાદમાં, હિમેશ રેશમિયાએ તેને પોતાની ફિલ્મમાં ગાવાની તક આપી, અને તે અનેક રિયાલિટી શોમાં પણ જોવા મળી. તે ઝડપથી એક સેલિબ્રિટી ગાયિકા બની ગઈ, રાતોરાત અપાર ખ્યાતિ અને ઓળખ મેળવી. પરંતુ આજે, રાનુ મંડલની હાલત હૃદયદ્રાવક છે. તે જે હાલત અને ઘરમાં રહે છે તે જોઈને તમારી કરોડરજ્જુ ધ્રુજી જશે. તેની પાસે પૂરતું ખાવાનું કે પીવાનું પણ નથી. વધુમાં, રાનુ મંડલની માનસિક સ્થિતિ પણ બગડી રહી છે.ધન અને ખ્યાતિ દરેકને સરળતાથી મળતી નથી, અને જેમને મળે છે, તેઓ ઘણીવાર તેને સંભાળવા માટે સંઘર્ષ કરે છે. રાનુ મંડલ સાથે પણ આવું



જ બન્યું હતું. કોલકાતાના રાણાઘાટની રહેવાસી રાનુ મંડલ રેલ્વે સ્ટેશન પર ગીત ગાઈને પોતાનું ગુજરાન ચલાવતી હતી, પરંતુ રાતોરાત તેણે અપાર ખ્યાતિ મેળવી અને એક મેનેજર પણ રાખ્યો. જોકે, તેના પોતાના વર્તનને કારણે રાનુ મંડલ ધનવાનમાંથી ચીંથરેહાલ થઈ ગઈ. તે સમયે લોકોએ તેની ઘણી ટીકા કરી હતી, પરંતુ આજે તેની હાલત જોઈને હૃદયદ્રાવક થઈ જાય છે.રાનુ મંડલના સુરીલા અવાજથી આખો દેશ મોહિત થઈ ગયો. બાદમાં, રાનુ મંડલને અનેક રિયાલિટી શોમાં પણ આમંત્રણ આપવામાં આવ્યું. તેણે ૨૦૨૦ માં રિલીઝ થયેલી હિમેશ રેશમિયાની ફિલ્મ "હેપ્પી હાર્ડી એન્ડ હીર" માં પણ એક ગીત ગાયું હતું. જોકે, થોડા સમય પછી રાનુ મંડલનું વર્તન બદલાઈ ગયું. અને પછી તે જાહેર દૃષ્ટિથી ગાયબ થઈ ગઈ.હવે, ૫ વર્ષ પછી, તે કોલકાતાના રાણાઘાટમાં મળી આવી હતી. નિશુ તિવારીએ રાનુ મંડલના ઘરની મુલાકાત લીધી હતી અને તેની સ્થિતિનું વર્ણન કર્યું હતું. એવું બહાર આવ્યું હતું કે રાનુ મંડલ ક્યારેય કોઈને ખાલી હાથે આવે તો તેને મળતી જ નથી. જે કોઈ પણ તેની પાસે ખાલી હાથે આવે છે તેના પર તે ગુસ્સે થઈ જાય છે.રાનુ મંડલ ખૂબ જ દયનીય સ્થિતિમાં જોવા મળી હતી. વસ્તુઓ વેરવિખેર હતી અને ઘરમાં કચરો પથરાયેલો હતો. આખા ઘરમાં શૌચાલયની ગંધ આવતી હતી, અને દિવાલો પર જીવજંતુઓ રખડતા હતા. એવું પણ બહાર આવ્યું કે રાનુ મંડલની માનસિક સ્થિતિ અસ્થિર છે. તે કંઈ યાદ રાખી શકતી નથી કે સમજી શકતી નથી.રાનુ મંડલની માનસિક સ્થિતિ અસ્થિર છે. રાનુ મંડલ વિચિત્ર રીતે બોલે છે.

## ક્વીનનો સર્જક વિકાસ બહલ અલીઝેહ અને રાઘવ સાથે ફિલ્મ બનાવશે



કંગના રણૌતને લઈ 'ક્વીન' ફિલ્મ બનાવનારા વિકાસ બહલે હવે 'ક્વીન ટુ'નો પ્રોજેક્ટ થોડા સમય માટે પડતો મૂકી દીધો છે અને તેને બદલે તેણે સલમાન ખાનની ભાણેજ અલીઝેહ અગ્નિહોત્રી તથા એક્ટર રાઘવ જુયાલ સાથે નવી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મ ફ્રેન્ચ-બેલ્જિયમ ફિલ્મ 'લા ફેમિલી બેલિયર'નું હિંદી રુપાંતર હશે. તેમાં એક બધિર પરિવારની યુવતી રોજિંદા સંઘર્ષ સાથે ગાયિકા બનવાના પ્રયાસો કરે છે તેવી વાર્તા હતી. સંજય લીલા ભણશાળીએ મનીષા કોઈરાલા સાથે બનાવેલી ફિલ્મ 'ખામોશીઃ ધી મ્યુઝિકલ ' સાથે તેની સ્ટોરી મળતી આવે છે. રાઘવ જુયાલ 'ધી બેડ્સ ઓફ બોલીવૂડ' પછી નવા નવા પ્રોજેક્ટ મેળવી રહ્યો છે. બીજી તરફ સલમાન ખાનની ભાણેજ તથા અતુલ અગ્નિહોત્રી જેવા કલાકારની દીકરી હોવા છતાં પણ અલીઝેહની કારકિર્દી ખાસ આગળ વધી નથી. ૨૦૨૩માં તેની ડેબ્યૂ ફિલ્મ 'ફર્રે' રજૂ થઈ હતી પણ એ પછી તેને ખાસ ફિલ્મો મળી નથી.

### દીપક તિજોરીએ મને ગાલ પર ચુંબન કર્યુ હતુ : ફરાહ

# જો જીતા વોહી સિકંદર'માં ફરાહને કિસ કરવાની ફી મળી જ નહી

ફિલ્મ નિર્માતા અને કોરિયોગ્રાફર ફરાહ ખાન સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે. તેના વ્લોગ્સ ખૂબ જ લોકપ્રિય છે. તે તેના રસોઈયા દિલીપ સાથે શો બનાવે છે, જેમાં તેઓ મોટી સેલિબ્રિટીઓના ઘરે જાય છે અને તે તેમના માટે શ્રેષ્ઠ વાનગીઓ બનાવે છે. ફરાહ ખાને તાજેતરમાં ગાયક શાનના ઘરે મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ તેમના જૂના દિવસોની યાદ તાજી કરી હતી. આ દરમિયાન, ફરાહે ફિલ્મ 'જો જીતા વોહી સિકંદર' સાથે સંબંધિત એક કિસ્સો શેર કર્યો.શાન સાથે વાત કરતી વખતે, ફરાહે કહ્યું, "શાને કરેલી પહેલી ફિલ્મ 'જો જીતા વોહી સિકંદર' હતી. શાન આ સાંભળીને હસ્યો અને કહ્યું, "હા, હું ત્યાં સેક્સોફોન સાથે હતો." પછી ફરાહે ઉમેર્યું, "અને હું





ત્યાં જુનિયર ડાન્સર હતો." આ સાંભળીને શાનના પુત્રને આઘાત લાગ્યો.ફરાહે કહ્યું, "હું ખરેખર સહાયક દિગ્દર્શક તરીકે કામ કરી રહી હતી. પરંતુ જ્યારે તેના પછી ડાન્સર્સની અછત પડી,ત્યારે મેં કોરિયોગ્રાફીમાં મદદ કરવાનું શરૂ કર્યું. દર વખતે જ્યારે કોઈ ડાન્સર ન આવતો, ત્યારે તેઓ મને કેમેરા સામે ઉભા કરતા. એક દ્રશ્યમાં દીપક તિજોરીએ મને ગાલ પર ચુંબન કર્યું. જે છોકરીને તેને ચુંબન કરવાનું હતું હતો તે છોકરીએ ના પાડી. તે પછી, દીપકે મને ચુંબન કર્યું.આ પછી, જ્યારે શાને પૂછ્યું, "તમને પૈસા મળ્યા?" ફરાહે જવાબ આપ્યો, નથી આપ્યા." પછી શાને સમજાવ્યું કે તેણે ફિલ્મ પર ચાર દિવસ કામ કર્યું હતું, પરંતુ તે ફાઈનલ કટમાં ભાગ્યે જ દેખાતું હતું. તેણે કહ્યું, "ચાર દિવસના શૂટિંગ પછી, હું ગીત મિક્સિંગ દરમિયાન ફક્ત એક પાસિંગ શોટ માટે ત્યાં ગયો હતો." ફરાહે કહ્યું, "મને લાગે છે કે તે જતીનનું ગીત હતું. હું તેનું કોરિયોગ્રાફ કરી રહી હતી. નિર્માતાઓ એટલા ઉત્સુક હતા કે તેમણે ગીતમાં જતીનનો પણ સમાવેશ કર્યો.

# છૂટાછેડા પછી પણ સુષ્મિતા સેનનો ભાઈ પત્ની સાથે રહે છે

**હું મારા નિર્ણયોની જવાબદારી જાતે લઉં છું. જીવન ખૂબ ટૂંકું છે જેથી તેને નકારાત્મક વિચારો કરીને બગાડી ન શકાય : અભિનેત્રી**

ફિલ્મી હસ્તીઓના લગ્ન અને છૂટાછેડાના સમાચાર અવારનવાર ચર્ચાનું કારણ બનતા હોય છે. આ જ બાબતને લઈને ટીવી અભિનેત્રી ચારુ અસોપા તેના અંગત જીવનને લઈને ફરીથી ચર્ચામાં છે. ૨૦૧૯માં સુષ્મિતા સેનના ભાઈ તથા અભિનેતા રાજીવ સેન સાથે લગ્ન કર્યા બાદ ૨૦૨૩માં તેમના છૂટાછેડા થઈ ગયા હતા. જોકે, છૂટાછેડા પછી પણ આ દંપતી વારંવાર સાથે જોવા મળે છે, જેના કારણે ચાહકોમાં તેમના ફરીથી એક થવા અંગેની અફવાઓ ફેલાઈ છે. આ અફવાને લઈને હવે ચારુ અસોપાએ ખુલાસો કર્યો છે.તાજેતરમાં, ચારુ અને રાજીવે ગણેશ ચતુર્થી અને દુર્ગા પૂજા સાથે ઉજવી હતી અને ત્યારબાદ તેઓ પુત્રી જિયાના સાથે વેકેશન પર પણ ગયા હતા. જેના કારણે



છૂટાછેડા બાદ પણ તેઓના સાથે હોવાની અફવાઓને વધુ વેગ મળ્યો હતો. હવે, ચારુ અસોપાએ આ મામલે મૌન તોડ્યું છે.ચારુ અસોપાએ તાજેતરમાં તેની સોશિયલ મીડિયા ચેનલ પર એક વિડિયો પ્રકાશિત કરીને તેના ભૂતપૂર્વ પતિ રાજીવ સેન સાથેના તેના સંબંધો પર સ્પષ્ટતા આપી છે. ટ્રોલ કરનારાઓનો જવાબ આપતાં ચારુએ જણાવ્યું છે કે, રાજીવ અને તેની પુત્રી જિયાના ખૂબ જ ખુશ છે.તેઓ એકબીજાના સંપર્કમાં છે. "લોકોએ આનો ખોટો અર્થ ન કાઢવો જોઈએ કારણ કે હવે અમારી વચ્ચે કોઈ નકારાત્મકતા નથી. હું અને રાજીવ હવે એકબીજાથી નારાજ નથી, પરંતુ હવે એકબીજાના પ્રત્યે વધુ સહજ થઈ ગયા છે. જેનું કારણ અમારી પુત્રી છે."પોતાના જીવનના નિર્ણયો અંગે ટ્રોલ કરનારાઓને જવાબ આપતા ચારુએ કહ્યું કે, "બીજાની અપેક્ષાઓ પર નહીં, પરંતુ પોતાની ખુશી પર જીવન જીવવા માંગું છું. દરેક વ્યક્તિ સંજોગોના આધારે જીવનના નિર્ણયો લે છે. મારે મારા અને મારી પુત્રીના સુખાકારી માટે યોગ્ય નિર્ણય લેવો પડ્યો. હું મારા નિર્ણયોની જવાબદારી જાતે લઉં છું. જીવન ખૂબ ટૂંકું છે જેથી તેને નકારાત્મક વિચારો કરીને બગાડી ન શકાય. મારે મારા અને મારી પુત્રી માટે શું શ્રેષ્ઠ છે તેના આધારે મારા નિર્ણયો લેવા પડશે." આ ઉપરાંત અફવા ફેલાનારા લોકોને જવાબ આપતા ચારુએ કહ્યું કે, "લોકોએ બીજીના પરિવારોમાં ઓછું અને પોતાના પરિવારમાં વધારે ધ્યાન આપવું જોઈએ."વીડિયોમાં ચારુએ તાજેતરમાં રાજીવ સાથે બેંગકોક વેકેશન પર જવાની વાત પણ સ્વીકારી હતી.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતને મોડેલ સ્ટેટ તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કર્યુંઃ ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભી

# ધંધુકા ખાતે અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના હસ્તે રૂ. ૮૦૮.૪૩ લાખથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભીની ઉપસ્થિતિમાં પીએમ સ્વનીધિ યોજનાના લાભાર્થીને ચેક વિતરણ કરાયું




। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

વિકાસ સપ્તાહ- ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત આજે ધંધુકા ખાતે અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના હસ્તે રૂ. ૮૦૮.૪૩ લાખથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને મોડેલ સ્ટેટ તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય માનવીના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ બનાવીને એનો લાભ સીધો જ લાભાર્થીઓને પ્રાપ્ત થાય તે મુજબનું આયોજન કર્યું છે. ધારાસભ્યશ્રીએ ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, આજથી ૨૫ વર્ષ પહેલાં ધંધુકા તાલુકાની કેવી દુર્દશા હતી કે આ વિસ્તાર વિશે એક કહેવત પ્રખ્યાત થઈ ગઈ હતી કે, 'દીકરીને બંદૂકે દેવી, પરંતુ ધંધુકે ન દેવી' કારણ કે ધંધુકા વિસ્તારમાં પ ાણીની અનેક વિકટ સમસ્યાઓ હતી. પરંતુ આજે ચોમેર વિકાસ દેખાઈ રહ્યો છે એ આપ ણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આભારી છે તેમણે ઉમેર્યું હતું. ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં આજે સમગ્ર દેશમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રોમાં સમતોલ વિકાસ થયો છે. આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ અને આરોગ્યને લગતી અનેક યોજનાઓ અમલી બનાવી છે. મુદ્રા યોજના અને એમ. એસ.એમ.ઈ. થકી યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૧.૦ અંતર્ગત ધંધુકા નગરપાલિકામાં કુલ ૪૮૭ લાભાર્થીઓના આવાસો મંજુર થયેલા છે. આ લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા રૂ. ૩.૫૦ લાખની સહાય આપવામાં આવશે. આ વિસ્તારમાં આવાસ બનાવવા માટે સરકારશ્રી દ્વારા રૂ. ૧૭.૪૫ કરોડની સહાય આપવામાં આવી હતી. જેના થકી લાભાર્થીઓના ઘરનું ઘર મળતાં પોતાના સપના પુરા થયા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત લાભાર્થીઓને પોતાની માલીકીની જમીન પર આવાસ બનાવવા માટે સરકારશ્રી દ્વારા રૂ. ૪ લાખની સહાય આપવામાં આવશે. ધંધુકા નગરપ ાલિકા દ્વારા હાલ ૭૩ લાભાર્થીઓના આવાસ મંજુર થયેલા છે. આ લાભાર્થીઓને સરકારશ્રી તરફથી ૨.૯૨ કરોડની સહાય આપવામાં આવી હતી. પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓમાં શ્રી જીતુભાઈ ઠાકોરને રૂ. ૫૦,૦૦૦/-, પાનારા સાબીર હુસેનને રૂ. ૨૫,૦૦૦/- અને શ્રી વિષ્ણુભાઈ રબારીને રૂ. ૧૫,૦૦૦/-ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પ્રેમિલાબેન મકવાણા, ધંધુકા નગરપ ાલિકાના પ્રમુખશ્રી પારૂલબેન આદેશસરા, ઉપપ્રમુખ શ્રી ગજરબેન ચૌહાણ, કારોબારી ચેરમેન શ્રી રાજુભાઈ પરમાર, પ્રાંત અધિકારી શ્રી વિદ્યાસાગર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કલ્પેશ કોરડીયા, જિલ્લા આયોજન અધિકારી શ્રી શ્રધ્ધાબેન, અગ્રણીઓ સવશ્રી નેહલભાઈ શાહ અને યુવરાજસિંહ ગોહિલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી વિકાસ રામબચન કુમાર, એ.પી.એમ.સી. ચેરમેનશ્રી ચેતનસિંહ ચાવડા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ મીઠાચોકના રામજી મંદિર ખાતે આવેલ રાધે શ્યામ મંદિરમાં ચોથી આંતર રાજ્ય સુંદરકાંડ પ્રતિયોગિતા માટે મીટિંગ યોજાઇ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

આજરોજ ૧૪/૧૦/૨૦૨૫ મંગળવારના રોજ ઝાલોદ મીઠાચોક ખાતે આવેલ રાધે શ્યામ મંદિરમાં ચોથી આંતર રાજ્ય સુંદરકાંડ પ્રતિયોગિતા માટે મીટિંગ યોજવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ ભગવાનની ભક્તિ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં ગણેશ વંદના પછી હનુમાન ચાલીસાના પાઠ, હનુમાન અષ્ટક તેમજ શ્રી રામસ્તુતિ કરી મીટિંગની શરૂઆત કરવામાં આવી હતી. સુંદરકાંડ સ્પર્ધાના આયોજનને લઈ નગરના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો જેને લઈ નગરના વિવિધ સમાજના અગ્રણી સુંદરકાંડ મંડળના સભ્યો અને મીઠાચોક હનુમાન ચાલીસા ગ્રુપ ના લોકો જોડાયેલ હતા. આ મીટિંગમાં આંતરરાજ્ય સુંદરકાંડ પ્રતિયોગિતા આયોજન માટેની ચર્ચા કરવામાં આવી હતી. જે અંતર્ગત સુંદરકાંડ પ્રતીયોગિતા માટે પ સંદ થઈ ગયેલ ટીમ અંગે ચર્ચા થઈ જેમાં અયોધ્યાથી સુંદરકાંડ મંડળ તથા બધોહી પ્રયાગરાજની મળી ૨ ટીમ ઉત્તરપ્રદેશની તથા એક ટીમ ભીલવાડા તેમજ એક ટીમ રાજસમંદની પસંદગી થઈ ગયેલ છે બાકી બચેલ ૨ ટીમમાં ગુજરાત તથા એમ.પી માંથી પસંદ કરવાનું નક્કી કરવા માં આવ્યું. મીટિંગમાં દરેક સભ્યો દ્વારા પોતાના સુંદરકાંડ આયોજનને સફળ બનાવવા માટે અલગ અલગ મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા અને સુંદરકાંડ પ્રતિયોગિતાને કેવી રીતે સફળ અને વધુ સારી બનાવી શકાય તે વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સુંદરકાંડ પ્રતિયોગીતામા ગત વર્ષે આગ્રાની ઝાંખીએ જે અનેરો ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું હતું તેને લઈ આ વખતે પણ તેનું આયોજન કરાયું છે જેમાં અયોધ્યાના રામ મંદિરની ઝાંખીનુ આયોજન કરવામાં આવેલ છે જે નગરના લોકોમાં વિશેષ આકર્ષણ બની રહેશે. સુંદરકાંડ સ્પર્ધાના આયોજનની રૂપરેખા નક્કી કરવા માટે સોશિયલ મીડિયા દ્વારા મીટિંગની જાણ કરવામાં આવી હતી જેને લઈ નગરજનોમા સ્વેચ્છીક ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટા પ્રમાણમાં મીટીંગમાં નગરજનો ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં સુંદરકાંડ પ્રતિયોગિતાની તારીખ આયોજકો દ્વારા જાહેર કરાતા ઉપસ્થિત લોકોએ આ આયોજનને વધાવી લેતા ખુશીની લાગણી વ્યક્ત કરી હતી અને ઘણા એવું કહેતા જોવા મળ્યા હતા કે બે વર્ષ થી સુંદરકાંડ પ્રતિયોગ્યતા થાય તેની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા અને ભૂતકાળમાં થયેલ આયોજનના સારા પ્રસંગ વાગોળી રહ્યા હતા. ઝાલોદ નગર પુરા જિલ્લામાં ધાર્મિક આયોજન્ન માટે જાણીતું છે તથા અહીંયા ગામના લોકો તેમજ વ્યાપ ારીઓ દ્વારા ધાર્મિક આયોજન માટે તન મન ધન થી સમર્પિત થઈ પૂર્ણ સહયોગ આપતા હોય છે.ઝાલોદ નગરની ધાર્મિક અસ્મિતા જાળવવા માટે અને તેને સફળ બનાવવા માટે નગરજનો સદા સમર્પિત થઈ કાર્યો કરતા હોય છે. નગરમાં કોઈ પણ હિન્દુ ધાર્મિક કાર્યક્રમ ખૂબ સરસ રીતે પૂર્ણ થાય તેના માટે નગરજનો સદાય સાથે હળીમળીને કામગીરી કરતા હોય છે. આગામી સમયમાં કાર્યક્રમની રૂપરેખા અને જવાબદારીઓ ને લઈ બીજી મીટિંગનું આયોજન દિવાળી પછી રાખવાનું નક્કી કરવા માં આવ્યું હતું.

# અમદાવાદ મંડળના આંબલિયાસણ-વિજાપુર રેલવે સેક્શનનું ગેજ રૂપાંતરણ કાર્ય પૂર્ણ



**૪૨.૩૨ કિ.મી. લાંબો સેક્શન હવે બ્રોડ ગેજમાં રૂપાંતરિત, ૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ થશે સંરક્ષા નિરીક્ષણ**

। (રેલવે) અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આંબલિયાસણ-વિજાપુર રેલવે સેક્શન (૪૨.૩૨ કિ.મી) નું ગેજ રૂપાંતરણ કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. હવે આ સેક્શન મીટર ગેજથી બ્રૉડ ગેજમાં રૂપાંતરિત થઈને યાત્રીઓ માટે આધુનિક અને સુરક્ષિત પ રિચાલન માટે તૈયાર છે. આ સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ (Safªy Inspection) રેલવે સંરક્ષા કમીશનર (CRS), પશ્ચિમ રેલવે દ્વારા ૧૬ અને ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ કરવામાં આવશે, જેમાં ૧૬ અને ૧૭ ઓક્ટોબર ના રોજ મોટર ટ્રૉલી નિરીક્ષણ તથા ૧૭ ઓક્ટોબર ના રોજ એન્જિન સ્પીડ ટ્રાયલ ૧૨૦ કિ.મી/કલાકની ગતિથી કરવામાં આવશે.

આ પરિયોજનાને વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂરી મળી હતી. આ પરિયોજનાને ૧૬ મે ૨૦૨૨ ના રોજ ₹૪૧૫.૩૭ કરોજની અંદાજિત પડતરથી મંજૂરી આપવામાં આવી હતી. આ સેક્શનમાં ૦૨ મેજર બ્રિજ, ૫૧ માઈનોર બ્રિજ અને ૪૫ નવા રોડ અંડર બ્રિજ (RUBs) નું બાંધકામ કરવામાં આવ્યું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખતાં રેલવે લાઈનને લેવલ ક્રોસિંગ પાસે ફેન્સિંગ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે અને આ માર્ગ પર કુલ ૦૪ લેવલ ક્રોસિંગ્સ છે.

આ બ્રૉડ ગેજ લાઈનમાં ૬૦ કિ.ગ્રાના નવા રેલવે પેનલ પાથરવામાં આવ્યા છે. આંબલિયાસણ અને વિજાપુર સ્ટેશનોને સ્ટાન્ડર્ડ-II ઈન્ટરલોકિંગ સિસ્ટમ અને મલ્ટીપલ એસ્પેક્ટ કલર લાઈટ સિગ્નલિંગ (MACLS) ની સાથે આધુનિક સુરક્ષા ઉપાયોથી સુસજ્જિત કરવામાં આવ્યા છે, જેનાથી ટ્રેનોના સંચાલનની સુરક્ષા અને કુશળતામાં નોંધપાત્ર સુધારો થશે. આ નવા બ્રૉડ ગેજ મારફતે યાત્રીઓને હવે દેશના મુખ્ય રેલવે સ્ટેશનો અને મોટા શહેરોથી પ્રત્યક્ષ કનેક્ટિવિટી મળશે, જેનાથી યાત્રા વધુ સુવિધાજનક, ઝડપી અને સુગમ હશે.

આ ગેજ રૂપાંતરણ પરિયોજનાથી યાત્રીઓને હવે ઝડપી, સુરક્ષિત અને આરામદાયક રેલવે યાત્રા ઉપલબ્ધ થશે. આ માર્ગથી ઉત્તર ગુજરાતના ગ્રામીણ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઉત્તમ રેલવે કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે, જેનાથી યાત્રીઓનો યાત્રા સમય ઓછો થશે અને સુવિધામાં સુધારો થશે. સાથે જ, ક્ષેત્રીય વેપાર અને કૃષિને પણ પ્રોત્સાહન મળશે, જેનાથી સ્થાનિક અર્થવ્યવસ્થા મજબૂત થશે. આ પરિયોજનાના બાંધકામ અને સંચાલન મારફતે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષરૂપે રોજગારને નવા અવસરોનું સર્જન થશે અને સમગ્ર ક્ષેત્રનો સામાજિક અને આર્થિક વિકાસ પણ થશે. નવા બ્રૉડ ગેજ કનેક્શનથી ભવિષ્યમાં નવી યાત્રી અને માલગાડીઓના સંચાલનની સંભાવનાઓ પણ વધશે.

પશ્ચિમ રેલવેના આ પરિયોજના યાત્રીઓની સુવિધા, સુરક્ષા અને ક્ષેત્રીય વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ થયા પછી વહેલાંસર આ માર્ગ પર ટ્રેનોનું પરિચાલન આરંભ કરી દેવામાં આવશે, જેનાથી યાત્રીઓને આધુનિક, ઝડપી અને સુરક્ષિત રેલવે યાત્રાનો લાભ મળશે.

# રાય યુનિવર્સિટીએ આરયુ " ટી ક લ્મી આવૃત્તિમાં નેતૃત્વ અને AI " રજૂ કર્યું



। (પ્રતિનિધિ) અમદાવાદ, તા.૧૫ ।

ઈવોલ્વ, રાય યુનિવર્સિટી, અમદાવાદનું એકેડેમિક ક્લબ, સફળતા પૂર્વક આરયુ ટીએલની ૯મી આવૃત્તિ "ઈન્ટિગ્રેટેડ ટેક ઈન AI" વિષય પર આયોજિત કરી. આ પ્રસંગે વિશિષ્ટ મહેમાન તરીકે અવેંટમ ગ્રુપ, ઈંગ્લેન્ડના CTO શ્રી હસાની જેસ ઉપસ્થિત રહ્યા અને તેમણે સત્ર માટે મુખ્ય વક્તા તરીકે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમની શરૂઆત રાય યુનિવર્સિટીના નવા સ્થાપિત ઈન્ક્યુબેશન સેન્ટર ના ઉદ્ઘાટનથી થઈ, જેનો હેતુ વિદ્યાર્થીઓમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સંશોધન આધારિત પ્રોજેક્ટ પ્રોત્સાહિત કરવાનો છે. ઉદ્ઘાટન ભાષણ દરમિયાન શ્રી જેસે ઉદ્યોગોના તમામ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું વધતું મહત્વ ઉજાગર કર્યું અને શૈક્ષણિક સંસ્થાઓએ શિક્ષણ, વ્યવસાય અને નેતૃત્વ પ્રથાઓમાં AIના ઉપયોગને સમાવેશ કરવાનો ભાર મૂક્યો. તેમના જ્ઞાનસભર સત્ર દરમિયાન તેમણે સમજાવ્યું કે AI માત્ર એક સાધન નથી પરંતુ તેવા પરિવર્તનકારી બળ છે જે સમસ્યાઓના ઉકેલ, નિર્ણય લેવા અને સર્જનાત્મક વિચારોને વધારવામાં મદદરૂપ છે. તેમણે વધુમાં કહ્યું કે AI યુગમાં નેતૃત્વ માટે અનુકૂલનક્ષમતા, દૃષ્ટિ અને સહકાર જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓ ઝડપથી બદલાતી વ્યવસાયિક દુનિયા માટે પોતાને તૈયાર કરી શકે. કાર્યક્રમનો સમાપન ઉત્સાહભેર ચર્ચા સાથે થયો, જેમાં વિદ્યાર્થીઓએ વિચારોને ઉકેલતા પ્રશ્નો પૂછીને સક્રિય ભાગ લીધો. કુલ મળીને, આરયુ ટીક ૯મી આવૃત્તિ એ વિદ્યાર્થીઓને નવીનતા, ટેકનોલોજી અને નેતૃત્વ સ્વીકારવા માટે પ્રેરણાદાયક મંચ પૂરું પાડ્યું.

# ગોવિંદ ગુરુ લીમડીના નવીન રોડનુ ખાતમુહૂર્ત સાંસદ જસવંતસિંહ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

દાહોદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગોવિંદ ગુરુ લીમડી થી ચાકલીયા ચોકડીના ૨૭ કિલોમીટરના નવીન રોડનુ ખાતમુહૂર્ત સાંસદ જસવંતસિંહ ભાભોરના હસ્તે કરવામાં આવ્યું હતું. ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું હતું કે સમાજની સેવા અને વિકાસ કરવો અમારો રાજધર્મ છે. ભાજપના ધારાસભ્ય તરીકે સતત લોકોની સેવા કરવાનું તેમજ જનતાના પ્રશ્નોનુ નિરાકરણ લાવવાનું કામ સતત સરકારના સાથે સંકલન જાળવી કરી રહેલ છે. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા તેમજ વિપક્ષો સતત પ્રજાને ગેરમાર્ગે દોરી જનતાનો વિકાસ અવરોધે છે તેમ કહ્યું હતું. ગુરુ ગોવિંદ લીમડી તાલુકા થી મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતો રાજ્ય ધોરી માર્ગ છે તથા મુંબઈ દિલ્હી કોરીડોર રસ્તાને જોડતો માર્ગ છે. આ રસ્તો ૧૫ જેટલા ગામોને જોડતો માર્ગ છે આ રસ્તાની લંબાઈમા મુનાવાણી પ્રાથમિક શાળાથી થાળા સુધી ડામર મજબૂતીકરણની કામગીરી, લીમડી ગામતળ વિસ્તારમાં સી.સી બ્લોકની કામગીરી , મુંડાહેડા ગામમા સીસી રોડની કામગીરી કરવામાં આવનાર છે. મુંડાહેડાથી ચાકલીયા સુધી ડામર મજબૂતીકરણ,રીકલેમેશન આલ્ફાલ્ટ પેવમેન્ટ ટેકનોલોજીથી મજબૂતીકરણની કામગીરી કરવામાં આવનાર છે આ માર્ગ બનવાથી વાહન વ્યવહાર વધુ સરળ બનનાર છે. સાંસદ જસવંત સિંહ ભાભોરે કહ્યું હતું કે નવા ઝાલોદ, ગુરૂ ગોવિંદના વિકાસ માટે ધારાસભ્ય મહેશ ભૂરીયાના હાથ મજબૂત કરવાના છે વધુમાં કહ્યું કે ધારાસભ્ય મહેશ ભૂરીયા સતત લોકોની સેવા અને વિકાસ માટે પ્રયત્નશીલ છે. આજે ૪૧ કરોડના કામની રકમ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા મંજૂર કરાવવામાં આવી છે. લોકોની સુખાકારી માટે કેન્દ્રની ભાજપ સરકાર સતત ચિંતા કરી તેને અનુરૂપ ચોક્કસ કામગીરી કરવામાં આવી રહેલ છે. ભાજપ વિકાસની હરણફાળ થકી તાલુકા અને જિલ્લામા અનેક મોટા કામો કરી રહેલ છે જેથી જનતાની સુખાકારી વધે. ભાજપ સતત લોકોની સુખાકારી માટે ઘરે ઘરે પહોંચી જન સુવિધા સાથે સરકારની સહાય પહોંચાડી રહેલ છે જેથી જનતાની આર્થિક સુખાકારી વધે. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ૩૦૦૦ કરોડ ઉપરાંતના કામોની ગ્રાન્ટ તાલુકામાં ફાળવેલ છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ITI, સરખેજ ખાતે રૂ. ૨૧ કરોડના ખર્ચે બનેલા અત્યાધુનિક ભવનનું વર્ચ્યુઅલ ઈ-લોકાર્પણ

### શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ અંતર્ગત ITI સરખેજ ખાતેના નવનિર્મિત ભવનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ અંતર્ગત આવતી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), સરખેજ ખાતે રૂ. ૨૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક નવનિર્મિત ભવનના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી આ ભવનનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ પણ વર્ચ્યુઅલ માધ્યમથી આ લોકાર્પણ સમારોહ નિહાળવામાં આવ્યો હતો.

સમારંભના અધ્યક્ષ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રીક્રિએશન, હેરિટેજ અને કલ્ચરલ કમિટીના ચેરમેન શ્રી જયેશ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં આ ભવન જે હેતુથી નિર્માણ પ ામ્યું છે, તે સિદ્ધ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં સંસ્થાને મદદ કરવા માટે તત્પરતા દર્શાવી હતી.

અતિથિ વિશેષ તરીકે શ્રી રાજુભાઈ શાહ, ચેરમેન, હર્ષા એન્જિનિયરિંગ ઈન્ટરનેશનલ અને પ્રમુખ, ચાંગોદર ચેમ્બર ઓફ કોમર્સ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમના પ્રતિનિધિ તરીકે સંસ્થાને જરૂર પડ્યે તમામ મદદ આપવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે નામાંકિત ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ તેમજ સરખેજ વોર્ડના કાઉન્સિલરશ્રીઓ સંસ્થાના આચાર્ય શ્રી સી. બી. ઝાલા સહિત શ્રમ કૌશલ્ય અને રોજગાર વિભાગના કર્મચારીઓ, પદાધિકારીઓ અને વાલીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ નવ સ્થાનની છલાંગ લગાવી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ICC દ્વારા નવી ODI રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ICC મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ દરમિયાન, ODI બેટિંગ રેન્કિંગમાં મોટો ફેરફાર થયો છે. ટોચના ૧૦ બેટ્સમેનોમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યા છે.

ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ નવ સ્થાનની છલાંગ લગાવી છે અને સીધી ચોથા ક્રમે પહોંચી ગઈ છે.

એલિસા હીલીએ તાજેતરમાં જ વર્લ્ડ કપ ૨૦૨૫ની ૧૩મી મેચમાં ભારત સામે શાનદાર સદી ફટકારી હતી, તેણીએ ૧૦૭ બોલમાં ૧૪૨ રન ફટકારીને ભારતીય બોલરોને મુશ્કેલીમાં મુક્યા હતા, જેમાં ૨૧ ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. આ પ્રભાવશાળી પ્રદર્શન હવે ICC રેન્કિંગમાં રંગ લાવી રહ્યું છે. હીલીનું રેટિંગ હવે ૭૦૦ છે. ફક્ત ઓસ્ટ્રેલિયાની બેથ મૂની, ઈંગ્લેન્ડની નેટ સાયવર-બ્રન્ટ અને ભારતની સ્મૃતિ મંધાના જ તેનાથી ઉપર છે.

સ્મૃતિ મંધાના ODI બેટિંગ રેન્કિંગમાં ટોચ પર યથાવત છે, તેનું રેટિંગ ૭૯૩ છે. તેના પછી નેટ સાયવર-બ્રન્ટ (૭૪૬) અને બેથ મૂની (૭૧૮) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ પણ ત્રણ સ્થાન ઉપર ચઢીને સંયુક્ત ચોથા સ્થાને પહોંચી ગઈ છે. ન્યુઝીલેન્ડની સોફી ડિવાઈન પણ બે સ્થાન ઉપર ચઢીને છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે.

બીજી તરફ, ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી અને એશ્લે ગાર્ડનરને નુકસાન થયું છે.

### ટીમની કેપ્ટનશીપ કરવી ખૂબ જ મોટું સન્માન છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટઈન્ડીઝને ધૂળ ચટાવી ટેસ્ટ સિરીઝ પર કબ્જો જમાવ્યો છે. ટીમ ઈન્ડિયાએ ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી વેસ્ટઈન્ડિઝના સુપડા સાફ કર્યા. પહેલી મેચ અમદાવાદમાં ઈનિંગ અને ૧૪૦ રનથી જીત્યા બાદ ટીમ ઈન્ડિયાએ દિલ્હીમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં વેસ્ટઈન્ડીઝને ૭ વિકેટથી હરાવ્યું. આમ શુભમન ગિલની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયા પહેલી ટેસ્ટ સિરીઝ જીતવામાં સફળ રહી. ભારતની પહેલી ટેસ્ટ તો સરળતાથી જીતી લીધી, પરંતુ બીજી ટેસ્ટ ૫માં દિવસ સુધી ખેંચાઈ ગઈ. આ દરમિયાન ગિલના ઘણાં નિર્ણયો પર સવાલો ઉઠ્યાં. સિરીઝ જીત્યા પછી ગિલે આ તમામ સવાલોનો જવાબ આપ્યો.

કેપ્ટન શુભમન ગિલે સિરીઝ પર કબ્જો કર્યા પછી કહ્યું કે, ટીમની કેપ્ટનશીપ કરવી ખૂબ જ મોટું સન્માન છે. તે હજુ તેની ટેવ પાડી રહ્યો છે. ખેલાડીને સંભાળવા અને નિર્ણય લેવા. આ બધું જ શીખવાની પ્રક્રિયા છે. તે હંમેશા એવા જ નિર્ણયો લેવાના પ્રયત્ન કરે છે, જે સફળ થવાની શક્યતા સૌથી વધુ હોય. ગિલે વેસ્ટઈન્ડીઝને ફોલોઓન આપવા પાછળનું કારણ પણ જણાવ્યું. તેણે કહ્યું કે અમે લગભગ ૩૦૦ રનની લીડ પર હતા અને પિચમાં વધુ હરકત નહોતી, એટલે અમે ફોલોઓન આપવાનો નિર્ણય કર્યો. તેણે નીતિશ કુમાર રેડ્ડીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવા પાછળનું કારણ પણ જણાવ્યું. તેણે કહ્યું કે, અમે નીતિશને એટલા માટે રમાડ્યો, કેમ કે અમને વિદેશ પ્રવાસ પર સીમ-બોલિંગ ઓલરાઉન્ડરની જરૂર પડે છે. અમે નથી ઈચ્છતા કે ખેલાડીને માત્ર વિદેશ પ્રવાસ પર જ તક મળે.

ગિલે કહ્યું કે, તે બાળપણથી બેટિંગ કરી રહ્યો છે, એટલે જ્યારે બેટિંગ કરે છે.



પાકિસ્તાનના લાહોરમાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચ જીત્યા બાદ પાકિસ્તાનના શાહીન શાહ આફ્રિદી, બીજા ડાબે, અને સાથી ખેલાડીઓ એકબીજાને અભિનંદન પાઠવે છે.

### સપ્ટેમ્બરમાં રીટેલ ફુગાવો ઘટીને ૧.૫૪ ટકા : આઠ વર્ષનાં તળિયે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સપ્ટેમ્બર, ૨૦૨૫માં રીટેલ ફુગાવો ઘટીને ૧.૫૪ ટકા રહ્યો છે. જે છેલ્લા સાત વર્ષની નિમ્ન સપાટી છે. જે જૂન, ૨૦૧૭ પછી નોંધવામાં આવેલ સૌથી ઓછો રિટેલ ફુગાવો છે. ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ, ૨૦૨૫માં રીટેલ ફુગાવો ૨.૦૭ ટકા નોંધવામાં આવ્યો હતો.

સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (એમઓએસપીઆઈ) મંત્રાલયના જણાવ્યા અનુસાર ઓગસ્ટમાં ફુગીવો વધ્યા પછી સપ્ટેમ્બરમાં ફુગાવામાં મોટા પાયે ઘટાડો નોંધવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે સળંગ દસ મહિના ફુગાવામાં ઘટાડો થયા પછી ઓગસ્ટમાં ફુગાવામાં વધારો જોવા મળ્યો હતો. સપ્ટેમ્બર, ૨૦૨૫માં કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (સીએફપીઆઈ) આધારિત ખાદ્યાન્ન ફુગાવો માઈનસ ૨.૨૮ ટકા રહ્યો છે. ખાદ્યાન્ન ફુગાવો ગ્રામીણ વિસ્તારોમાં માઈનસ ૨.૧૭ ટકા અને શહેરી વિસ્તારોમાં માઈનસ ૨.૪૭ ટકા રહ્યો છે.

### ભારત સામેની ODI શ્રેણી પહેલા ઓસ્ટ્રેલિયાને ઝટકો

## બેટ્સમેન જોશ ઇંગ્લિસ પહેલી મેચ વન ડે માં રમી શકશે નહીં

### લેગ-સ્પિનર એડમ ઝમ્પા પણ પર્થમાં ટીમ સાથે રહેશે નહીં

। (એજન્સી) પર્થ, તા.૧૬ ।

ભારત સામેની ODI શ્રેણી પહેલા ઓસ્ટ્રેલિયાને મોટો ઝટકો લાગ્યો છે. પર્થમાં મેચ પહેલા જ ટીમમાંથી બે ખેલાડીઓ બહાર થયા છે. વિસ્ફોટક બેટ્સમેન અને વિકેટકીપર જોશ ઈંગ્લિસ પહેલી મેચમાં રમી શકશે નહીં. તો લેગ-સ્પિનર એડમ ઝમ્પા પણ પર્થમાં ટીમ સાથે રહેશે નહીં. પેટ કમિન્સ ફિટનેસ સમસ્યાઓના કારણે પહેલાથી જ શ્રેણીમાંથી બહાર છે. મિશેલ માર્શ તેની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરશે. જોશ ઈંગ્લિસ ઈજાને કારણે બહાર થઈ ગયો છે, જ્યારે એડમ ઝમ્પા કૌટુંબિક કારણોસર પ્રથમ ODI માટે ઉપલબ્ધ રહેશે નહીં. પર્થમાં પ્રેક્ટિસ દરમિયાન ઈંગ્લિસને ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો. જોશ ફિલિપને તેના



સ્થાને ટીમમાં બોલાવવામાં આવ્યો છે. ૨૦૨૧માં વેસ્ટ ઈન્ડિઝ સામે રમ્યા પછી તે પોતાની પહેલી વનડે રમશે. ઓસ્ટ્રેલિયાના બોલિંગ વિકલ્પ ોને મજબૂત બનાવવા માટે સ્પિનર મેથ્યુ કુહનેમેનને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. વિકેટકીપર-બેટ્સમેન એલેક્સ કેરી પણ પહેલી મેચમાં રમી શકશે નહીં. આગામી એશિઝ શ્રેણીની તૈયારીઓના ભાગરૂપે તે દક્ષિણ ઓસ્ટ્રેલિયા માટે ક્વીન્સલેન્ડ સામે શેફિલ્ડ શીલ્ડ મેચમાં ભાગ લઈ રહ્યો છે.

### બિહારમાં CM હાઉસની બહાર જ ધરણા પર બેઠા JDU ધારાસભ્ય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

બિહાર વિધાનસભા ચૂંટણી માટે ટિકિટ વહેંચણીના ગરમાગરમી વચ્ચે JDU ધારાસભ્ય નરેન્દ્ર કુમાર નીરજ ઉર્ફે ગોપાલ મંડલ CM હાઉસની બહાર ધરણા પર બેસી ગયા છે.

તેમણે કહ્યું કે, હું મુખ્યમંત્રી નીતિશ કુમારને મળવા આવ્યો છું અને સવારે ૮:૩૦ વાગ્યાથી અહીં રાહ જોઈ રહ્યો છું. પત્રકારો સાથે વાત કરતા ગોપાલ મંડલે કહ્યું કે, હું મુખ્યમંત્રીને મળવા માંગુ છું. હું સવારથી રાહ જોઈ રહ્યો છું. મને ચૂંટણી ટિકિટ મળશે. ટિકિટ લીધા વિના હું અહીંથી નહીં જઉં. ગોપ ાલ મંડલે આગળ કહ્યું કે, JDUના કેટલાક વરિષ્ઠ નેતાઓ મારી વિરુદ્ધ રાજનીતિ કરી રહ્યા છે. તેઓ મારી ટિકિટ કાપવા માગે છે, તેથી તેઓ આજકાલ મારા વિરોધી અજય મંડલ ઉર્ફે બુલો મંડલના સંપર્કમાં છે. તેઓ તેમને ટિકિટ આપવા માગે છે.

### રાઘોપુરમાંથી ચૂંટણી લડશે, ૧૪૦ બેઠકો પણ માંગી

## આરજેડી નેતા તેજસ્વી યાદવે મહાગઠબંધનનું વધાર્યું ટેન્શન

### બિહારમાં બેઠક વહેંચણીની વાત કરીએ તો મહાગઠબંધનમાં હજુ પણ બેઠકોને લઈને આંતરિક ઘર્ષણ ચાલી રહ્યું છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણીની ધમધોકાટ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. NDAમાં બેઠક વહેંચણીનો કાર્યક્રમ પુરો થઈ ગયો છે, ત્યારે મહાગઠબંધનમાં હજુ પણ બેઠક વહેંચણીનો મુદ્દે ઉકેલાયો નથી. આ તમામ ઘટનાક્રમ વચ્ચે મહાગઠબંધનના સાથી પક્ષ રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા અને પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવે ચૂંટણી લડવાની અને કંઈ બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભરશે, તેની જાહેરાત કરી દીધી છે. અહેવાલો મુજબ, તેજસ્વી યાદવે ફરી એકવાર પોતાની પરંપરાગત બેઠક રાઘોપુરથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે અને તેઓ ૧૫ ઓક્ટોબરે આ બેઠક પરથી ઉમેદવારી નોંધાવશે.

બેઠક વહેંચણીની વાત કરીએ તો મહાગઠબંધનમાં હજુ પણ બેઠકોને લઈને આંતરિક ઘર્ષણ ચાલી રહ્યું છે. તેની મૂળ કારણ એ છે કે, આરજેડીને રાજ્યની ૨૪૩ બેઠકોમાંથી ૧૪૦ બેઠકો પર ચૂંટણી લડવી છે, જેના કારણે સાથી પક્ષો આરજેડીની માંગથી નારાજ થયા છે. બીજીતરફ તેજસ્વીએ દાવો કર્યો છે કે બધું બરાબર છે અને આગામી એક-બે દિવસમાં સીટ વહેંચણીની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવશે. તેજસ્વી ઉમેદવારી ફોર્મ ભરતા ૫ હેલા શક્તિ પ્રદર્શન કરવાના હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. પાર્ટીના કાર્યકર્તાઓ અને સમર્થકોને મોટી સંખ્યામાં રાઘોપુર પહોંચવા માટે અપીલ કરવામાં આવી છે. આરજેડી માટે રાઘોપ ુર બેઠક એટલા માટે મહત્ત્વની છે.

### અદાણી અને ગૂગલે કરી ડીલ

## વિશાખાપટ્ટનમમાં દેશનું સૌથી મોટું ડેટા સેન્ટર કેમ્પસ બનાવાશે

### વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે

। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૧૬ ।

અદાણી એન્ટરપ્રાઈઝ અને એજ કોનેક્સ (EdgeConneX)ની જોઈન્ટ વેન્ચર કંપની AdaniConneX અને ગૂગલે આજે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ અને નવા ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે મહત્ત્વની ભાગીદારીની જાહેરાત કરી છે. વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે પાંચ વર્ષ (૨૦૨૬-૨૦૩૦)માં આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે, જે ભારતમાં સૌથી વધુ માગ ધરાવતા એઆઈ વર્કલોડને ઓપરેટ કરવા મજબૂત સબ-સી કેબલ નેટવર્ક અને ક્લિન એનર્જી દ્વારા સપોર્ટેડ હશે. આ ડીલ અદાણી કોનેક્સ અને એરટેલ સહિતના ઈકોસિસ્ટમ ભાગીદારોની ભાગીદારી વધુ મજબૂત બનાવશે.

અદાણીકોનેક્સ સાથે જોડાણમાં વિકસાવવામાં આવેલા ગૂગલ એઆઈ હબના ૫ ાયાના સ્તંભોમાં વિશાખાપટ્ટનમમાં હેતુ-નિર્મિત એઆઈ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે, જે ભારતની એઆઈ ક્ષમતામાં ૫ રિવર્તન લાવશે. આ પ્રોજેક્ટ બંને કંપનીઓની ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર સ્થાપિત છે. જે આંધ્રપ્રદેશમાં નવી ટ્રાન્સમિશન લાઈન, ક્લિન એનર્જી પ્રોડક્ટ્સ અને ઈનોવેટિવ એનર્જી સ્ટોરેજ સિસ્ટમ વિકસાવવા સંયુક્ત રોકાણ કરશે. આ રોકાણ ડેટા સેન્ટરની કામગીરીને ટેકો આપવા ઉપરાંત ભારતના વીજ ગ્રીડની ક્ષમતામાં પણ વધારો થશે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી જૂથ આ ઐતિહાસિક પ્રોજેક્ટ માટે ગૂગલ સાથે પાર્ટનરશીપ કરવા બદલ ઉત્સુક છે. જે ભારતના ડિજિટલ લેન્ડસ્કેપના ભવિષ્યને નવી વ્યાખ્યા આપશે. તે ફક્ત માળખાગત સુવિધામાં રોકાણ જ નહીં, પણ ઉભરી રહેલા રાષ્ટ્રમાં રોકાણ છે. આ ભાગીદારી રાષ્ટ્ર નિર્માણના અમારા સહિયારા દ્રષ્ટિકોણ અને ૨૧મી સદીના સાધનોથી દરેક ભારતીયને સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાનો ૫ ુરાવો છે. વિશાખાપટ્ટનમ હવે ટેકનોલોજી માટે ગ્લોબલ હબ બનવા માટે તૈયાર છે. આ અંગે ગૂગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયને જણાવ્યું હતું.

## દુનિયાનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે ભારત : IMF ચીફ

### જોર્જીવા મુજબ, મધ્યમ ગાળામાં વૈશ્વિક વિકાસ દર કોરોના મહામારી પહેલાના ૩.૭%થી ઘટીને ૩% રહેવાનો અંદાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. હવે, ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF) એ પણ ભારતના ખૂબ વખાણ કર્યા છે. આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં યોજાનારી IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠક પૂર્વે, IMF ચીફ ક્રિસ્ટાલિના જૉર્જીવાએ ભારત વિશે મોટી વાત કહી. તેમણે જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક વિકાસની પદ્ધતિઓ બદલાઈ રહી છે અને ભારત હવે દુનિયાના ગ્રોથ એન્જિનતરીકે ઉભરી રહ્યું છે. ભારતને વિશ્વનું ગ્રોથ એન્જિન ગણાવતા, IMF પ્રમુખ ક્રિસ્ટાલિના જૉર્જીવાએ કહ્યું કે, દેશે પોતાને સાબિત કર્યો છે અને સાહસિક આર્થિક નીતિઓ વડે શંકા કરનારાઓને ખોટા સાબિત કર્યા છે. તેમણે આ પ્રશંસા એવા સમયે કરી જ્યારે વૈશ્વિક વિકાસનું અનુમાન પૂર્વ-મહામારી સ્તરથી નીચે જઈ રહ્યું છે. જૉર્જીવા મુજબ, મધ્યમ ગાળામાં વૈશ્વિક વિકાસ દર કોરોના મહામારી પહેલાના ૩.૭%થી ઘટીને લગભગ ૩% રહેવાનો અંદાજ છે.

**વિશેષ**

### નવી શરૂ કરેલી હેલ્પ લાઇનમાં આવતી ફરિયાદોના ઝડપી નિકાલ કરવા મંત્રીશ્રીની સુચના

# આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની ૧૨મી ગવર્નિંગ બોડીની બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઇ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતે બે ટેસ્ટ મેચની શ્રેણીની બીજી મેચમાં વેસ્ટ ઈન્ડિઝને ૭ વિકેટથી હરાવીને શ્રેણીમાં ૨-૦થી વ્હાઈટવોશ કર્યો. ભારતે અમદાવાદમાં પહેલી ટેસ્ટ એક ઈનિંગ અને ૧૪૦ રનથી જીતી હતી. દિલ્હીમાં વેસ્ટ ઈન્ડિઝે બીજી ઈનિંગમાં ફોલોઓન બાદ સખત લડત આપી હતી, પરંતુ હાર ટાળી શકી નહોતી.

ભારતના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને ૫ હેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. કેપ્ટન તરીકે ગિલની આ સાતમી મેચ હતી અને પ્રથમ વખત તે ટોસ જીત્યો હતો. ટીમ ઈન્ડિયાએ પોતાનો ૫ હેલો દાવ ૫ વિકેટે ૫૧૮ રન પર ડિકલેર કર્યો હતો. યશસ્વી જયસ્વાલે ૧૭૫ અને શુભમન ગિલે અણનમ ૧૨૯ રન બનાવ્યા હતા. ત્યારબાદ વેસ્ટ ઈન્ડિઝ પ્રથમ દાવમાં ૨૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે ૨૭૦ રનની લીડ મેળવી અને વિન્ડીઝને ફોલોઓન આપ્યું.



અહીંથી, મેચ રોમાંચક બની ગઈ. જોન કેમ્પબેલ (૧૧૫) અને શાઈ હોપ (૧૦૩)ની સદીઓને કારણે વેસ્ટ ઈન્ડિઝે બીજા દાવમાં ૩૯૦ રન બનાવ્યા, જેના કારણે ભારતને ફરીથી બેટિંગ કરવાની ફરજ પડી. તેઓએ ૧૨૦ રનની લીડ મેળવી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રન બાકી રહ્યા. ટીમ ઈન્ડિયાએ કેએલ રાહુલના અણનમ ૫૮ રનને કારણે આ ટાર્ગેટ સરળતાથી પ્રાપ્ત કરી લીધું. સાઈ સુદર્શને પણ ૩૯ રન બનાવ્યા.

આ જીતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ૫ ોઈન્ટ ટેબલ પર પણ અસર કરી. પ્રથમ મેચ જીત્યા પછી બે વખત ફાઈનલિસ્ટ ટીમ ઈન્ડિયા છ મેચ ૫ છી ૫૫.૫૬ના PCT (પોઈન્ટ ટકાવારી) સાથે નવ ટીમોના સ્ટેન્ડિંગમાં ત્રીજા સ્થાને હતી. આ મેચ પછી ભારતનું રેક્કિંગ યથાવત છે. જોકે, તેના પોઈન્ટ અને PCTમાં વધારો થયો છે. ટીમ ઈન્ડિયાનો PCT હવે ૬૧.૯૦ પર છે, જેનાથી તેના ૫૨ પોઈન્ટ થયા છે.

ઓસ્ટ્રેલિયાનો હાલમાં 100 PCT છે અને તે ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પર્થમાં એશિઝ શ્રેણી શરૂ થાય ત્યાં સુધી પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેશે. શ્રીલંકા ૬૬.૬૭ના PCT સાથે બીજા સ્થાને છે. ઈંગ્લેન્ડ (43.33 PCT) ચોથા સ્થાને છે અને બાંગ્લાદેશ (16.67 PCT) પાંચમા સ્થાને છે. વેસ્ટ ઈન્ડિઝ છઠ્ઠા સ્થાને છે. ન્યુઝીલેન્ડે આ રાઉન્ડમાં એક પણ મેચ રમી નથી. દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે પહેલી ટેસ્ટ રમાઈ રહી છે. તે પછી પોઈન્ટ ટેબલમાં ફેરફાર થવાની શક્યતા છે.

### બજારમાં ચાંદીની વરખવાળી મળતી મીઠાઈ પર વરખ સાચી છે કે નહીં તેને લઈને પણ સવાલો ઊભા થયા

# ચાંદીના ભાવમાં વધારો થતા મીઠાઈ પરથી ચાંદીની વરખ ગુમ!

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

દિવાળી અને નવા વર્ષને માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરીજનો બજારમાં છેલ્લી ઘડની તૈયારી અને ખરીદીમાં લાગ્યા છે. જ્યાં વધતા જતા મીઠાઈના ભાવ વચ્ચે લોકો મન મુકીને મીઠાઈની ખરીદી કરી રહ્યા છે. તો ચાંદીની વરખની મીઠાઈ પરથી ચાંદી મોંઘી થતા ચાંદીની વરખ ગાયબ પણ થઈ. તો ગ્રાહકોએ ચાંદીની વરખની મીઠાઈ ની વિશ્વસનીયતા પર પણ સવાલ ઉભા કર્યા. ત્યારે જોઈએ મીઠાઈ બજારમાં ખરીદીનો માહોલ કેવો છે. દિવાળી આવે એટલે લોકો કપડા, ફટાકડા, રમકડા સહિત મીઠાઈની ખરીદી કરતા હોય છે. અને તેવામા આ પ્રકારે ભાવ વધે તો સ્વભાવિક રીતે લોકોને અસર કરે, જેના કારણે આ વર્ષે ભાવ વધારાના કારણે લોકો મીઠાઈની ખરીદી કરતા જોવા મળ્યા, પણ કેટલાક લોકો ઓછી ખરીદી કરવાનુ પસંદ કરી રહ્યા છે. કેમ કે તેઓને આર્થિક પરિસ્થિતી પણ નડી રહી છે. તો મોટા ભાગના લોકો ભાવ વધારા વચ્ચે ક્વોલિટી પસંદ કરી રહ્યા છે. કેમ કે લોકો હવે સ્વાસ્થ્ય ને પહેલું પ્રવધાન્ય આપતા થયા છે. જોકે લોકોએ પણ લિમિટેડ ભાવ રહે તેવી માંગ કરી છે. જેથી દરેક વર્ગને મીઠાઈના ભાવ પોસાઈ શકે. કેમ કે ૫ થી ૧૦ વર્ષ પહેલાં જે સારી કાજુ કતરી ૪૦૦ રૂપિયે મળતી તે હાલ ૧૨૦૦ ઉપર ના ભાવે મળી રહી છે અને તેમાં પણ આ વખતે મીઠાઈ પર લગાવવાના આવતી ચાંદીની વરખની ચાંદીના ભાવ ૧.૭૫ લાખ ઉપર પહોંચ્યા છે. જેને લઈને મીઠાઈ પર ખરેખર ચાંદીની વરખ છે કે કેમ તે પ્રશ્ન ઉભો થયો છે. જોકે મીઠાઈના વેપારીએ જ્યાં ત્યાં બનનાર મીઠાઈની લઈને તેમના ત્યાં મળનાર મીઠાઈ શુદ્ધ હોવાનો દાવો કર્યો. સામાન્ય રીતે મીઠાઈમાં કાજુ કતરી અને મોહનથાળ સહિત કેટલીક મીઠાઈની ડિમાન્ડ હોય છે. જોકે બજારમાં ૧૦૦ જાતની મીઠાઈ મળે છે. જેથી ઘરેલુ કે કોરપોરેટ ક્ષેત્રે લોકોને મીઠાઈના વધુ વિકલ્પ મળતા થયા. જોકે તે તમામ મીઠાઈમાં રો મટિરિયલનો ભાવ વધતા મીઠાઈના ભાવમાં ૫ થી ૧૦ ટકા ભાવ વધારો નોંધાયો છે. જ્યાં ૪૦૦ થી લઈ ૩ હજાર સુધીની મીઠાઈ મળે છે. તો ગિફ્ટ પેકમાં ૩૬૦ થી ૨૭૦૦ ના ગિફ્ટ પેકેટ મળી રહ્યા છે. જે તમામ માં ભાવ વધારો છે. આ એટલા માટે કહેવુ પડી રહ્યુ છે કેમ કે મોંઘવારીએ માઝા મુકી છે. કાજુ હોય ઘી હોય. ખાધતેલ હોય કે મીઠાઈ નું રો મટીરીયલ હોય. તમામમા ભાવ વધારો ઝીંકાયો છે. જે ભાવ વધારાની અસર દિવાળી પર પણ જોવા મળી છે. કેમ કે માલ સામાન ના ભાવમા વધારો થતા મીઠાઈના ભાવમાં વધારો ઝીંકાયો છે. અને તેમાં પણ ચાંદીના ભાવ વધતા કેટલાક મીઠાઈના વેપારીઓ દવારા કાજુ પિસ્તા રોલ. અંજીર રોલ. રજવાડી લાડુ અને ડ્રાયફ્રુટ કેક જેવી મીઠાઈ પરથી ચાંદીની વરખ જ કાઢી નાખી અને કાજુ નો ભૂકો નાખી મીઠાઈની નવો લુક આપ્યો. તો સૌથી વધુ બજારમાં વેચાતી અને ડિમાન્ડ ધરાવતી કાજુ કતરી કે જેના પર ચાંદીની વરખ આવે તેમાં ૧૦૦ થી ૨૦૦ નો ભાવ વધારો જોવા મળ્યો. જેની ગ્રાહકો પર અસર પડી હોવાનું લોકો માની રહ્યા છે. તો ગ્રાહકે સારી જગ્યા પરથી જ ખરીદી કરવા લોકોને આગ્રહ કર્યો. તો તરફ ડોકટર દ્વારા પણ ચાંદીની વરખની મીઠાઈ ને લઈને પ્રશ્ન ઉભા કરી લોકોને સચેત રહેવા અપીલ કરી હતી. સાથે જ સાચી ચાંદીની વરખ કઈ હોય તે જાણવાનો ઉપાય પણ કહ્યો.. કહેવાય છે કે અમદાવાદીઓ તહેવાર માણવામા મોંખરે છે. તે પછી પરિસ્થીતી કેવી પણ કેમ ન હોય પણ ભાવ વધારો તમામ લોકોને અસર કરે અને તેના કારણે લોકો નુ બજેટ પણ ખોરવાય. અને તેમા પણ થોડા વર્ષ પહેલા કોરોના અને હવે મોંઘવારીએ લોકોની કમર તોડી નાખી છે. જેના કારણે આ વખતે મીઠાઈની ખરીદીમા લોકોએ ક્યાંક કાપ મુક્યો છે. અને તેમાં પણ ચાંદી મોંઘી થતા મીઠાઈ પરથી ચાંદીની વરગાયબ થતા અને ચાંદીની વરખની મીઠાઈ નો ભાવ વધતા તહેવારની મીઠાસમા કાપ મુકાયા નુ પણ લોકોને લાગી રહ્યુ છે.



## હવે વરખ સાચી છે કે નહીં તેને લઈને શંકા!

૫ થી ૧૦ વર્ષ પહેલાં જે સારી કાજુ કતરી ૪૦૦ રૂપિયે મળતી તે હાલ ૧૨૦૦ ઉપર ના ભાવે મળી રહી છે અને તેમાં પણ આ વખતે મીઠાઈ પર લગાવવાના આવતી ચાંદીની વરખની ચાંદીના ભાવ ૧.૭૫ લાખ ઉપર પહોંચ્યા છે. જેને લઈને મીઠાઈ પર ખરેખર ચાંદીની વરખ છે કે કેમ તે પ્રશ્ન ઉભો થયો છે. જોકે મીઠાઈના વેપારીએ જ્યાં ત્યાં બનનાર મીઠાઈની લઈને તેમના ત્યાં મળનાર મીઠાઈ શુદ્ધ હોવાનો દાવો કર્યો. સામાન્ય રીતે મીઠાઈમાં કાજુ કતરી અને મોહનથાળ સહિત કેટલીક મીઠાઈની ડિમાન્ડ હોય છે. જોકે બજારમાં ૧૦૦ જાતની મીઠાઈ મળે છે. જેથી ઘરેલુ કે કોરપોરેટ ક્ષેત્રે લોકોને મીઠાઈના વધુ વિકલ્પ મળતા થયા. જોકે તે તમામ મીઠાઈમાં રો મટિરિયલનો ભાવ વધતા મીઠાઈના ભાવમાં ૫ થી ૧૦ ટકા ભાવ વધારો નોંધાયો છે.

## એક ૩૪ વર્ષીય મહિલાનું ટાઈફોડના કારણે મોત થયું

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

સુરત શહેરમાં રોગચાળાએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે. એક જ દિવસમાં રોગચાળાના કારણે બે મહિલાના કરૂણ મોત નિપજતા સુરતનું આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે અને શહેરભરમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. આ ઘટનામાં સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતી એક ૩૪ વર્ષીય મહિલાનું ટાઈફોડના કારણે મોત થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક મહિલાના પરિવારે જણાવ્યું કે તેમને તાવ આવતા શરૂઆતમાં ઝોલાછાપ (બિન-અધિકૃત) તબીબ પાસે સારવાર કરાવી હતી. મહિલાની સારવાર છેલ્લા પાંચ દિવસથી ચાલી રહી હતી, પરંતુ તબિયતમાં સુધારો થવાને બદલે વધુ લથડી હતી. પરિણામે, પરિવારે મહિલાને તાત્કાલિક સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાનો નિર્ણય લીધો હતો. જોકે, કમનસીબે સિવિલ હોસ્પિટલ ખાતે મહિલાને સારવાર મળે તે પહેલા જ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## વલસાડ જિલ્લામાં ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો!

। (એજન્સી) વલસાડ, તા.૧૫ ।

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં આજે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેના કારણે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં લોકોમાં થોડો ગભરાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા મળેલી માહિતી અનુસાર આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ માપવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, ભૂકંપનું કેન્દ્રબિંદુ વલસાડ શહેરથી લગભગ ૪૬ કિલોમીટર દૂર નોંધાયું હતું. આ આંચકો બપોરના સમયે અનુભવાયો હતો અને તેની અસર મુખ્યત્વે જિલ્લાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધુ જોવા મળી હતી. આ આંચકો ઓછી તીવ્રતાનો હતો, પરંતુ જમીન ધ્રૂજવાના કારણે લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. જોકે, રાહતની વાત એ છે કે આ ભૂકંપના આંચકાને કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન થયાના કોઈ અહેવાલો પ્રાપ્ત થયા નથી.

### પહેલાં ઉછીના પૈસા લીધા પછી ગલ્લાં તલ્લાં કરી બંધ બેંકનો ચેક આપ્યો

# બંધ ખાતાનો ચેક આપી વૃદ્ધ તબીબ સાથે ઠગાઇ, પિતા-પુત્ર સામે ફરિયાદ

### ડોક્ટરે આરોપીના દીકરાને દેવુ થઈ જતાં રૂપિયા ૧.૧૫ લાખ હાથ ઉછીના પેટે આપ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ઠક્કરબાપાનગર વિસ્તારમાં રહેતા તબીબ પાસેથી હાથ ઉછીના પૈસા લઈ પિતા-પુત્રએ ગલ્લાં તલ્લાં કર્યા બાદ એક ચેક આપ્યો હતો. જો કે, તબીબે તે ચેક ભરતા રિર્ટન થયો હતો અને જેમાં બેંકમાં એકાઉન્ટ બંધ થઈ ગયું હોવાનો શેરો હતો. જેથી આ મામલે તબીબે પિતા-પુત્ર સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. ઠક્કરબાપાનગરમાં ૭૫ વર્ષિય ડો. પ્રફુલભાઈ નાનુભાઈ ઠાકર પોતાના પરિવાર સાથે રહે છે અને નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓ પહેલાં ખોડિયારનગર ખાતે પોતાનું દવાખાનું ચલાવતા હતા. તે સમયે અયુબભાઈ મણીલાલ રાણા પરિવાર સાથે અવાર નવાર સારવાર માટે આવતા હતા. જેથી તબીબ તેમને સારી રીતે ઓળખતા હતા અને પારિવારીક સંબંધો બંધાયા હતા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના અયુબભાઈ અને તેમનો દીકરો આશિષ બન્ને પ્રફુલભાઈના ઘરે આવ્યા હતા. અયુબભાઈએ જણાવ્યું હતું કે, મારા દીકરાને દેવું થઈ ગયું છે, થોડા મહિના માટે હાથ ઉછીના ૧.૧૫ લાખ રૂપિયા આપો. અમે તે પૈસા ચાર મહિનામાં પરત કરી દઈશું. પ્રફુલભાઈ રિનોવેશનનું કામ ચાલુ હોવાથી પૈસા બેંકમાંથી ઉપાડી ઘરે લાવ્યા હતા અને તેમાંથી ૧.૧૫ લાખ રૂપિયા અયુબભાઈ અને તેના દીકરાને ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આપ્યા હતા. ત્યારબાદ પૈસા પરત આપવાનો સમય પૂરો થઈ જતા પ્રફુલભાઈએ પૈસા પરત માગ્યા હતા. ત્યારે પિતા-પુત્રએ ગલ્લા તલ્લ કર્યા હતા. જો કે, પ્રફુલભાઈએ પૈસાની ઉઘરાણી કરતા ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ અયુબભાઈ અને તેમનો દીકરો આશિષ ઘરે આવ્યા હતા અને આશિષના ખાતાનો ૧.૧૫ લાખનો ચેક આપી ગયા હતા અને ચેક ૨૯ ઓગસ્ટના રોજ ભરાવી દઈ પૈસા ઉપાડી લેવા કહ્યું હતું. જેથી ૨૯ ઓગસ્ટે પ્રફુલભાઈએ ચેક બેંકમાં ભર્યો હતો. ત્યારે તે રિર્ટન થયો હતો અને તેમાં એકાઉન્ટ બંધ હોવાનો શેરો હતો. બંધ એકાઉન્ટો ચેક આપી પિતા-પુત્રએ ઠગાઈ આચરી હોવાની ફરિયાદ અયુબભાઈ રાણા અને આશિષ સામે નોંધાતા પોલીસે તપાસ આદરી છે.



### દિવાળીના તહેવારો ટાણે પોલીસે દરોડા પાડ્યાં

## મહેસાણા પાસે ફેક્ટરીમાંથી શંકાસ્પદ ઘીનો ૯૫.૫૯ લાખનો જથ્થો સીઝ

। (એજન્સી) મહેસાણા, તા.૧૫ ।

મહેસાણાના ગિલોસણ ગામની સીમમાં યુક્રેન એસ્ટેટમાં આવેલી શિવાન ફૂડ પ્રોડક્ટ નામની ફેક્ટરીમાંથી તાલુકા પોલીસે શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી લેતાં ફૂડ વિભાગ દ્વારા ૧૮ જેટલા નમૂના લઈને રૂ.૯૫.૫૯ લાખનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.દિવાળીના પર્વમાં મીઠાઈ-ફરસાણનું વેચાણ વધતું હોય છે ત્યારે લેભાગુ તત્ત્વો વધુ નાણાં કમાઈ લેવાની લાલચમાં માવો, મીઠાઈ, ફરસાણ વગેરે ખાદ્ય સામગ્રી પણ બનાવટી કે ભેળસેળવાળી સસ્તી સામગ્રીમાંથી બનાવીને લોકોના આરોગ્ય સાથે બિન્દાસ્ત ચેડાં કરતા હોય છે ત્યારે બાતમીના આધારે બે દિવસ પહેલાં રાત્રે મહેસાણા તાલુકા પીઆઈ ડી.જી. બડવા, પીએસઆઈ આર.આર. ચૌધરી સહિત ટીમે મહેસાણા તાલુકાના ગિલોસણ ગામની સીમમાં યુક્રેન એસ્ટેટનાં ચાર ગોડાઉનમાં આવેલી પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈની મે. શિવાન ફૂડ પ્રોડક્ટમાં રેડ કરી હતી. જ્યાં બનાવટી ભેળસેળિયું ઘી બનતું હોવાનું જણાતાં પોલીસે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી.જેના પગલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઈન્ચાર્જ અને સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર જે.જે. પ્રજાપતિ સહિત ટીમે ફેક્ટરીમાંથી અમૃત, ગૌઅમૃત, રાધેક્રિષ્ણા, ગૌધરા વગેરે બ્રાન્ડનાં દેશી ઘી, પ્યોર ઘી, ગાયનું ઘી વગેરે પેકિંગ તેમજ મોટી ટેન્કમાં સંગ્રહ કરેલા લૂઝ ઘીનાં કુલ ૧૮ જેટલાં સેમ્પલ લીધાં હતાં તેમજ અંદાજિત રૂ.૯૫,૫૯,૭૧૮ કિંમતનો કુલ ૧૬,૮૧૨ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના જાણીતા જ્વેલર્સને પેપરમાં જાહેરાત આપવી ભારે પડી!

### જાણીતા જ્વેલર્સે ચાંદી ૧,૬૩ લાખ પ્લસ GST પ્રતિગ્રામ મળશે તેવી પેપરમાં જાહેરાત કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

દિવાળીના તહેવારોની સિઝન અને વૈશ્વિક બજારમાં ચાંદીના વધતા ભાવોને કારણે અમદાવાદ સહિત અનેક શહેરોમાં સોના-ચાંદીના ભાવ દિવસેને દિવસે ઉંચકાઈ રહ્યા છે, બીજી બાજુ સોના કરતા પણ ચાંદીની ડિમાન્ડમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલમાં જ શહેરના એક જાણીતા જ્વેલર્સને પેપરમાં જાહેરાત કરવી ભારે પડી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. જ્વેલર્સની જાહેરાત બાદ દુકાને પહોંચેલા ગ્રાહકોને ચાંદી ન મળતા તેમણે હોબાળો મચાવ્યો હતો. જોકે, જ્વેલર્સે પેપરમાં આપેલી જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટોક હશે ત્યાં સુધી આ જાહેરાતનો લાભ મળશે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, શહેરમાં ચાંદીની વધતી માંગ વચ્ચે એક અગ્રણી જ્વેલર્સ દ્વારા અખબારમાં જાહેરાત આપવામાં આવી હતી કે ચાંદી પ્રતિ ગ્રામ ૧.૬૩ લાખ (પ્લસ જ્જી)ના ભાવે ઉપલબ્ધ છે. આ જાહેરાત વાંચીને મોટી સંખ્યામાં ગ્રાહકો ચાંદીના બિસ્કિટ અથવા લગડી ખરીદવા માટે જ્વેલર્સના શોરૂમ પર પહોંચ્યા હતા. જોકે, ગ્રાહકોને સ્ટોરમાં ચાંદીના બિસ્કિટ કે લગડી મળી ન હતી, જેના પગલે ગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો હતો. તેમને લાગ્યું કે જ્વેલર્સે ભ્રામક જાહેરાત આપીને તેમને બોલાવ્યા છે. થોડી જ વારમાં મામલો ગરમાયો અને ગ્રાહકોએ જ્વેલર્સના શો-રૂમમાં ભારે હોબાળો મચાવ્યો. વધતા હોબાળા અને અંકુશ બહાર જઈ રહેલી પરિસ્થિતિને જોતા, જ્વેલર્સ દ્વારા તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થિતિ સંભાળીને ગુસ્સે ભરાયેલા ગ્રાહકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે બજારમાં ચાંદીની સપ્લાય અને ભાવને લઈને ફરી એકવાર ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ચાંદીના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે સ્ટોક જાળવવામાં વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે. જોકે, જ્વેલર્સે પેપરમાં આપેલી જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટોક હશે ત્યાં સુધી આ જાહેરાતનો લાભ મળશે. જોકે, લોકોને ચાંદી ના મળતા હોબાળો મચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ચાંદીના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે સ્ટોક જાળવવામાં વેપારીઓને પણ મુશ્કેલી પડી રહી છે. જોકે, જ્વેલર્સે પેપરમાં આપેલી જાહેરાતમાં ઉલ્લેખ કર્યો હતો કે સ્ટોક હશે ત્યાં સુધી આ જાહેરાતનો લાભ મળશે. જોકે, લોકોને ચાંદી ના મળતા હોબાળો મચાવ્યો હતો.

### મોટા બાળકોને આપવાની સિરપ નાના બાળકોને પીવડાવી દીધી

# ડભોઈ સિરપ કાંડ : ઝોલાછાપ ડોક્ટર બીજી વાર પકડાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

મધ્યપ્રદેશમાં સિરપ કાંડ જેવો જ એક મામલો તાજેતરમાં વડોદરાના ડભોઈ ખાતે સામે આવ્યો હતો. જ્યાં કફ સિરપ લેવાથી બે માસૂમ બાળકોને આડઅસર થઈ હતી, ત્યારે આ ઘટનાને રાજ્યના આરોગ્ય તંત્રએ ગંભીરતાથી લઈને પ્રાથમિક તપાસ બાદ બાળકોને સિરપ આપનાર તબીબ ડો. અશ્વિન પનોત સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને આ મામલે તપાસ કરતા અગાઉ વર્ષ ૨૦૧૭માં પણ તેની સામે નકલી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાનો ગુનો નોંધાયેલો હોવાનો ઘટસ્ફોટ થયો છે. વિગતવાર વાત કરીએ તો, થોડા સમય અગાઉ મધ્યપ્રદેશમાં એક કફ સિરપના કારણે કેટલાય માસૂમ બાળકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો, ત્યારે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં ઘટેલી એક ઘટનાએ મધ્યપ્રદેશના એ સિરપ કાંડની યાદ તાજા કરાવી દીધી છે. ડભોઈ તાલુકામાં મજૂરી અર્થે આવેલા સીતપુર ગામના એક શ્રમિક પરિવારના બે નાના બાળકોને ખાંસી તથા આ પરિવારે ધરમપુરી ગામે ડો. અશ્વિન પનોતના ક્લિનિક પર બંને બાળકોની સારવાર કરાવી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, સારવાર માટે ડો. અશ્વિન પનોતે ૭ વર્ષ કરતા મોટી ઉંમરના બાળકોને આપવાની દવા ૬ વર્ષથી નાની ઉંમરના બાળકોને આપી હતી. જેથી આ સિરપની આડઅસર થઈ હતી. સિરપ તેમજ દવાઓ લીધા બાદ અચાનક બંને બાળકોની તબિયત લથડતા તેમને ડભોઈની પ્રમુખ સ્વામી હોસ્પિટલમાં ICU વોર્ડમાં દાખલ કરવાની ફરજ પડી હતી. જોતજોતામાં આ વાત સમગ્ર પંથકમાં પ્રસરી જતા જિલ્લાનું આરોગ્ય તંત્ર દોડતું થયું હતું તેમજ તબીબના રહેઠાણ તેમજ ક્લિનિક પર ઝીણવટભરી તપાસ આરંભી હતી, ત્યારે આ તપાસમાં બાળકોને દવા આપનાર ડો. અશ્વિન પનોત ઝોલાછાપ એટલે કે નકલી હોવાનું સામે આવ્યું છે.

# માર મારીને ફેંકી દેવાના ગુનામાં ત્રણને આજીવન કેદની સજા

### કેસના ટ્રાયલ દરમિયાન સરકારી વકીલે અદાલતમાં ૨૨ જેટલા પુરાવા રજૂ કર્યા અને ૨૨ સાક્ષીઓને તપાસ્યા

। (એજન્સી) મહેસાણા, તા.૧૫ ।

મહેસાણામાં મિત્રના ઘરે આવેલા યુવકનું અપહરણ કરી માર મારીને રોડ પર ફેંકી દેવાના ગુનામાં ત્રણ આરોપીઓને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા અને દરેકને રૂ.૧૬ હજાર દંડનો આદેશ કર્યો હતો.મહેસાણાના ધોબીઘાટ રોડ પર ધરતી ટાઉનશિપમાં રહેતાં હંસાબેન ભુપેન્દ્રભાઈ પટેલના પુત્ર ચિરાગના જન્મદિવસ નિમિત્તે તા. ૧૭-૪-૨૦૧૯ના રોજ થરાદના રાહ ગામનો તેનો મિત્ર વિષ્ણુભાઈ હીરાભાઈ ચૌધરી તેના ઘરે આવ્યો હતો, જે સમયે હંસાબેનનો મોટો પુત્ર મૌલિક નોકરીએ ગયેલો હતો અને ચિરાગ અમદાવાદ ગયેલો હતો. આ સમયે રાત્રે પરામાંથી આવેલા લક્ષ્મણભાઈ પટેલે તેમનો પુત્ર મૌલિક ક્યાં છે એમ પૂછીને તે એક યુવતીને ભગાડી ગયો હોવાની વાત કરી હતી. ત્યારબાદ રાત્રે નવેક વાગ્યે લક્ષ્મણભાઈ સાથે અન્ય ત્રણ જણા આવ્યા હતા અને ત્યાં હાજર વિષ્ણુભાઈને પકડીને ગાડીમાં બેસાડીને અપહરણ કરી ગયા હતા. જેઓ અમારી દીકરી પાછી નહીં આવે ત્યાં સુધી તને જવા દેવાનો નથી એમ કહેતા હતા અને બલોલ ગામથી દૂર એક ખેતરમાં લઈ જઈ પાવડો અને ધોકાથી માર મારીને ઈજા પહોંચાડી હતી.અન્ય ગાડીમાં બેસાડી એક સર્કલ નજીક ઉતારી દીધો હતો. લોહીલુહાણ હાલતમાં તે પડ્યા હતા ત્યારે પહોંચેલી પોલીસે તેમને સિવિલમાં દાખલ કર્યા હતા. આ બાબતે જોટાણા તાલુકાના કસલપુરના પટેલ ગોવિંદભાઈ જીવરામભાઈ, બલોલ આનંદપુરાના પટેલ સંજયભાઈ રમણભાઈ, પટેલ સમીરભાઈ રમણભાઈ અને મહેસાણાના પટેલ લક્ષ્મણભાઈ બબલદાસ સામે મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.


MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે, House Keeping સપ્લાય કરીએ છીએ.



- લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
- લેબર જોતા હોય તો કોલ કરો
- કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393



જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES

NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર